**આજનો સુવિચાર**

શ્રધ્ધા વિના કલાનું રહસ્ય સમજવું અને અનુભવવું અશકય છે

તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : કાર્તિક આર. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૮ જૂનાગઢ તા. ૨૪-૧૨-૨૦૨૨ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)


## ચીનમાં કોરોનાની ભયાનક સ્થિતિ : એક દિવસમાં ૩.૭૦ કરોડ કેસ નોંધાતા હાહાકાર

બૈજીંગ, તા. ૨૪ : ચીનમાં કોરોના વધુને વધુ ભયાનક અને ખતરનાક બની રહ્યો હોય તેમ એક જ દિવસમાં ૩.૭૦ કરોડ લોકો સંક્રમિત બન્યા હોવાનો ધડાકો થયો છે. આખી દુનિયામાં એક જ દિવસમાં કોઈ એક દેશમાં આટલા કેસ નોંધાયા હોવાનો પણ રેકોર્ડ છે. ચીનમાં ચાલુ ડીસેમ્બર મહિનાના ૨૦ જ દિવસમાં ૧૮ ટકા વસ્તી અર્થાત ૨૪.૮ કરોડ લોકો કોરોનાની ઝપટે ચડી ગયા હોવાનું બહાર આવ્યું છે. જો કે ચીનની સરકાર દ્વારા આંકડાઓ છૂપાવવામાં આવી રહ્યા છે. પરંતુ આરોગ્ય વિભાગની આંતરિક બેઠકમાં આ આંકડાકીય ખુલાસો થયો હોવાનું બહાર આવ્યું છે.

ચીનમાં આરોગ્ય વિભાગની આંતરિક બેઠક યોજાઈ હતી. જેમાં એવો અંદાજ મુકવામાં આવ્યો હતો કે ડીસેમ્બરનાં પ્રથમ ૨૦ દિવસમાં જ ૨૪.૮ કરોડ લોકો કોરોનાની ઝપટે ચડી ગયા છે જે કુલ વસ્તીના ૧૮ ટકા થવા જાય છે. આ અનુમાન સાચુ હોય તો દુનિયાભરનો આ સૌથી ભયાનક રેકોર્ડ હશે.

અત્રે નોંધનીય છે કે, ગત જાન્યુઆરીમાં ૪૦ લાખ લોકો કોરોના સંક્રમિત થયા હતા અને તે અત્યાર સુધીનો રેકોર્ડ હતો. હવે ૨૦ ડીસેમ્બરે માત્ર એક જ દિવસમાં ચીનમાં ૩.૭ કરોડ લોકો કોરોના સંક્રમિત બન્યા હતા. જો કે સત્તાવાર રિપોર્ટમાં સરકારે માત્ર ૩૦૪૯ કેસ જ દર્શાવ્યા છે.

ચીનના સ્વાસ્થ્ય વિભાગની આંતરિક બેઠકની મીનીટ્સમાં થયેલા આ ખુલાસાથી વિશ્વભરમાં સોંપો પડી ગયો છે. ચીનની સરકારે કોરોના કાળની શરૂઆતથી જ ઝીરો કોવિડ નીતિ લાગુ પાડી હતી પરંતુ ગત મહિને આંતરિક વિરોધને પગલે તે રદ કરવામાં આવી હતી અને ત્યારબાદ કોરોનાએ પ્રચંડ ફૂંફાડો માર્યો છે. ચીનના નાગરિકોમાં કુદરતી ઈમ્યુનિટી સર્જાય નહી હોવાને કારણે મહામારી જડબુ ફાડ્યું છે. ચીનના દક્ષિણ પૂર્વના સિચાઉ તથા પાટનગર બૈજીંગમાં અર્ધાથી વધુ વસ્તી કોરોના સંક્રમિત થઈ ગઈ હોવાનું અંદાજવામાં આવ્યું છે.

ચીનના આરોગ્ય વિભાગે આ અંદાજ શેના આધારે કાઢ્યો છે તે સ્પષ્ટ થતું નથી. સરકાર દ્વારા ચાલુ મહિનાથી જ આરટી-પીસીઆર ટેસ્ટીંગ બંધ કરી દીધા હતા અને લોકો હવે માત્ર એન્ટીજન ટેસ્ટ કરાવે છે. તેના પરિણામ પણ જાહેર કરવામાં આવતા નથી. સરકાર દ્વારા પણ દૈનિક કેસોની સંખ્યા જાહેર કરવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. ડેટા કન્સલન્ટન્સી મેટ્રો ડેટા ટેકના ચીફ ઈકોનોમીસ્ટે એવી ભવિષ્યવાણી કરી છે કે ચીનના મોટાભાગના શહેરોમાં જાન્યુઆરી અંત સુધીમાં કોરોનાની 'પીક' આવી જવાનો અંદાજ છે.

## મુંબઈ એરપોર્ટ ઉપર આજથી યાત્રીકોની તપાસ શરૂ

(મુંબઈ બ્યુરો) મુંબઈ તા. ૨૪ દેશમાં ફરીએકવાર કોરોનાના કેસોને લઈને ચિંતા ઘણી વધી ગઈ છે, જેને જોતા સરકાર કોઈ ઢીલ રાખવા માંગતી નથી. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડએ કહ્યું કે, આજથી છત્રાપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર આવનારા બે ટકા આંતરરાષ્ટ્રીય મુસાફરોએ કોરોના ટેસ્ટ કરાવવો પડશે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ સંસદમાં જણાવ્યું હતું કે ચીન અને અન્ય દેશોમાં વધતા કોરોનાવાયરસના કેસોને ધ્યાનમાં રાખીને ભારત તેના એરપોર્ટ ઉપર કોવિડ-૧૯ માટે આવતા બે ટકા આંતરરાષ્ટ્રીય મુસાફરોનું પરીક્ષણ શરૂ કરશે. કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય દ્વારા જારી કરાયેલ નવીનતમ માર્ગદર્શિકાના આધારે, મુંબઈ એરપોર્ટે વાયરસના ફેલાવાને રોકવા માટે એકસાથે પગલાં લીધાં છે. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડે તેના નિવેદનમાં જણાવ્યું હતું કે આવા મુસાફરોને તેમની સંબંધિત એરલાઈન્સ દ્વારા ઓળખવામાં આવશે અને એરલાઈન સ્ટાફ દ્વારા તેમના આરટી-પીસીઆર પરીક્ષણો માટે ટર્મિનલના સમર્પિત વિસ્તારમાં નિર્દેશિત કરવામાં આવશે. મુસાફરોએ નમૂનાઓ સબમિટ કરવા અને તેમની આગળની મુસાફરી ચાલુ રાખવાની જરૂર છે. લેબ ટેસ્ટના પરિણામોની ડિજિટલ કોપી સીધી મુસાફરોને મોકલવાની જોગવાઈ કરશે.

## અમેરીકામાં બરફનું ભયાનક તોફાન : ૨૦ કરોડ લોકો ઘરોમાં કેદ : ૧૪ લાખ ઘરોમાં વિજ પુરવઠો ઠપ્પ

વોશિંગ્ટન, તા. ૨૪ : ક્રિસમસની ઉજવણી વખતે જ અમેરિકનોને ઘરમાં કેદ રહેવું પડે તેવી હાલત સર્જાઈ છે. અમેરીકામાં આવેલા બરફના ભયાનક તોફાનને કારણે ૬૦ ટકા વસ્તી ભયાનક ઠંડીમાં સપડાય ગઈ છે અને હાલત ગંભીર થવાની ચેતવણીને કારણે લોકો ભયભીત બન્યા છે. સતત બીજા દિવસે ૫૦૦૦ ફલાઈટો રદ કરીદેવામાંઆવી હતી. અમેરિકામાં તાપમાન અસામાન્ય રીતે નીચે સરકી જતા કાતિલ ઠંડીનો સપાટો છે.

હીમવર્ષા વચ્ચે બરફનું ભયાનક તોફાન સર્જાતા સમગ્ર દેશમાં હાડ થીજાવતી ઠંડીની હાલત સર્જાય છે. ઉત્તરીય ભાગોમાં અનેક સ્થળોએ તાપમાન માઈનસથી અનેક ડિગ્રી નીચે ઉતરી ગયું હતું. બરફના તોફાનથી લોકો ઘરમાં રહેવા મજબૂર બન્યા છે. ૬૦ ટકા લોકોને હવામાનની ચેતવણીનો સામનો કરવાની ફરજ પડી છે. અમેરિકાના હવામાન વિભાગના રિપોર્ટ પ્રમાણે દેશના ૨૦ કરોડ લોકો ચેતવણી ક્ષેત્રમાં વસવાટ કરી રહયા છે. હીમવર્ષા અને બરફના તોફાનને કારણે રેકોર્ડબ્રેક ક્ષેત્રો માટે ચેતવણી જારી કરવામાં આવી છે.

ખરાબ હવામાનને કારણે ૧૪ લાખ ઘરો અને ઈમારતોમાં વીજ પુરવઠો ખોરવાયેલો છે. કલાકો સુધી લોકોને અંધારપટનો સામનો કરવો પડી રહ્યો છે. સરકાર દ્વારા લોકોને વીજળીની કરકસર કરવાની સૂચના આપવામાં આવી છે. અમેરિકામાં સતત બીજા દિવસે ૫૦૦૦થી વધુ ફલાઈટો રદ કરવામાં આવી હતી જેને પગલે ક્રિસમસ અને નવા વર્ષની ઉજવણી માટે વેકેશન ઉપર જતા હજારો લોકો એરપોર્ટ ઉપર જ મુશ્કેલીમાં મુકાય ગયા હતા. વર્તમાન ખરાબ હવામાનમાં તાત્કાલીક કોઈ રાહત મળવાની શક્યતા પણ નકારવામાં આવી રહી છે.

બીજી તરફ બરફનું તોફાન અમેરિકાની એક સરહદથી બીજી સરહદ સુધી પસાર થયું હતું જેને કારણે કેનેડામાં પણ વિમાની ઉડ્ડયનોને મોટી અસર થઈ હતી.

## રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા દિલ્હીમાં પ્રવેશી : હજારો લોકો જોડાયા

(દિલ્હી બ્યુરો) નવીદિલ્હી, તા. ૨૪

કાશ્મીરથી કન્યાકુમારીની ભારત જોડોયાત્રાએ રહેલા કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીની યાત્રા આજે દિલ્હી પહોંચી હતી અને તેમાં સેંકડોની સંખ્યામાં લોકો જોડાયા હતા. સોનિયા ગાંધી તથા પ્રિયંકા ગાંધી પણ તેમાં સામેલ થયા હતા.

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા આજે સવારે હરિયાણાના ફરીદાબાદમાંથી દિલ્હી પહોચી હતી. સવારે ૬ વાગ્યે બદરપુર બોર્ડર ઉપરથી યાત્રા આગળ વધી હતી. રાહુલ ગાંધીએ ભાજપ અને આરએસએસ ઉપર નિશાન સાધતા કહ્યું કે કેટલાક લોકો માત્ર નફરત જ ફેલાવે છે. પરંતુ દેશનો સામાન્ય નાગરિક માત્ર પ્રેમની વાત કરે છે. ભારત જોડો યાત્રામાં દરેક રાજ્યોમાં લાખો લોકો સામેલ થયા હતા. મેં ભાજપ તથા આરએસએસના લોકોને કહ્યું છે કે અમે તમારી નફરતની બજારમાં પ્યારની દુકાન ખોલવા આવ્યા છીએ.

રાહુલ ગાંધીએ કહ્યું કે ભાજપની નીતિ ભય સર્જવાની છે અને નફરતની છે છતા કોંગ્રેસ પ્રેમથી જીતશે. નફરત-ભયની રાજનીતિને લોકો સહન નહીં કરે અને કોંગ્રેસ તેમાં ભાજપને આગળ પણ વધવા નહીં દે. ભાજપ નફરત ફેલાવે છે, કોંગ્રેસ પ્યાર આગળ ધરે છે. કોંગ્રેસ તમામ ભારતીયોને ગળે લગાવે છે. અમારી જેમ દરેક ભારતીયએ દેશમાં પ્યાર ફેલાવવાની એક નાની દુકાન ખોલવી જોઈએ.

દિલ્હીમાં પ્રવેશ સાથે જ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં હજારોની સંખ્યામાં ભીડ એકત્રિત થઈ હતી. અને લોકોએ પ્રચંડ પ્રતિસાદ આપ્યો હતો. ૧.૪૦ કલાકમાં રાહુલ ગાંધી ૮ કિલોમીટર ચાલ્યા હતા. સોનિયા ગાંધી તથા પ્રિયંકા ગાંધી પણ જોડાયા હતા.

## ગુજરાતમાં શીત લહેર : એક સપ્તાહ સુધી કાતિલ ઠંડી પડશે

ગાંધીનગર તા. ૨૪

આખરે શિયાળાએ ગુજરાતમાં જમાવટ કરી છે. છેલ્લા બે દિવસથી તાપમાનનો પારો સતત નીચો ઊતરી રહ્યો છે, જેને કારણે હાડ થિજાવતી ઠંડીનો અહેસાસ થઈ રહ્યો છે. આજે અમદાવાદમાં ઠંડીનો પારો ૧૨ ડીગ્રીએ પહોંચ્યો છે. હવામાન વિભાગ અનુસાર, રાજ્યમાં ઠંડી પડવાની શરૂઆત થઈ ગઈ છે. નલિયામાં ૪.૯ ડીગ્રી સાથે વર્તમાન સીઝનનું સૌથી નીચું તાપમાન નોંધાયું છે.

નલિયામાં કોલ્ડવેવની સ્થિતિ છે, ત્યારે કચ્છમાં કોલ્ડવેવ રહેશે. જ્યારે રાજ્યમાં ઠંડીનો પારો સતત ગગડી શકે છે. આ ઉપરાંત ૧૧ શહેરમાં સરેરાશ લઘુતમ તાપમાનનો પારો ૧૫ ડીગ્રીથી નીચે નોંધાશે. તો રાજસ્થાનના માઉન્ટઆબુમાં પણ પારો ગગડી રહ્યો છે. ગુજરાતથી ફરવા ગયેલા પ્રવાસીઓમાં શીતલહેરથી મોજમાં આવી ગયા છે. જોકે ઠંડીથી બચવા તાપણાં કરતાં નજરે ચડ્યા હતા.

## કોરોનાની અર્થતંત્ર ઉપર અસર અંગે નાણામંત્રી અને રીઝર્વ બેંકનાં અલગ અલગ સૂર

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા.૨૪

રીઝર્વ બેંક અને કેન્દ્ર સરકાર દેશની આર્થિક સ્થિતીના મુદ્દે અલગ અલગ સુર વ્યક્ત કરી રહ્યાં છે, નાણાં મંત્રી નિર્મલા સીતારામને સંસદમાં કહેલું કે, કોરોનાના કારણે ભારતના અર્થતંત્રને કોઈ ફરક નહીં પડે. અત્યારે વિશ્વનાં મોટાં અર્થતંત્રોમાં મંદીનો માહોલ છે પણ ભારત ઉપર તેની અસર નહીં થાય. જો કે રીઝર્વ બેંકે તેનાથી જુદો જ સૂર કાઢ્યો છે. રિઝર્વ બેંકના 'સ્ટેટ ઓફ ધ ઈકોનોમી' રીપોર્ટમાં દાવો કરાયો છે કે, ભારત સહિતનાં વિશ્વનાં ઊભરતાં અર્થતંત્ર વધુ સંવેદનશીલ હોવાથી કોરોનાની અસર તેમના ઉપર વધારે વર્તાશે. વૈશ્વિક ફુગાવો ટોચ ઉપર જશે તેની અસર પણ વર્તાશે.

ભારતમાં ફુગાવો થોડો ઓછો થઈ શકે છે પણ હજુ આગામી વર્ષ માટે પણ લક્ષ્યાંકથી ઉપર રહેવાની શક્યતા છે. મતલબ કે દેશમાં હજુ મોંઘવારી વધશે.

આર્થિક નિષ્ણાતોના મતે નાણામંત્રી નિર્મલા સીતારમન ભલે ફુલગુલાબી ચિત્ર રજૂ કરે પણ રીઝર્વ બેંકની વાતો વાસ્તવવાદી છે. વ્યાજદરમાં વધારો ચાલુ રહેવાનો હોવાથી વિશ્વમાં મંદી ઘેરી બનવાની જ છે. આ કારણે રિઝર્વ બેંકની ચિંતા વધવા લાગી છે જે વાસ્તવવાદી અભિગમનો પુરાવો છે.

## અમેરીકાનાં ડ્રોન હુમલામાં માર્યો ગયો હોવાનો મનાતો ઝવાહીરી જીવિત હોવાના અહેવાલો

વોશીંગ્ટન તા. ૨૪

અલ કાયદાએ એક નવો વીડિયો જાહેર કર્યો છે જેમાં ખતરનાક આતંકવાદી અલ-ઝવાહિરીનો અવાજ સંભળાય છે. આ વીડિયો દ્વારા આતંકી સંગઠને દાવો કર્યો છે કે તેનો નેતા જીવિત છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અલ-કાયદાએ શુક્રવારે (૨૩ ડિસેમ્બર)ના રોજ એક ૩૫ મિનિટનો વીડિયો જાહેર કર્યો છે. આતંકવાદી સંગઠને દાવો કર્યો છે કે આ રેકોર્ડિંગ અલ-ઝવાહિરીનું છે. જોકે, રેકોર્ડિંગ ક્યારે કરવામાં આવ્યું છે તેની માહિતી આપવામાં આવી નથી. આ વિડિયો જાહેર કરીને અલ કાયદા અમેરિકાને સંદેશ આપવા માંગે છે કે તેનો નેતા હજુ પણ જીવિત છે અને તેનો બદલો લેશે. લાદેનની સાથે અલ-ઝવાહિરી પણ અમેરિકામાં ૯/૧૧ના આતંકવાદી હુમલાના મુખ્ય કાવતરાખોરોમાં સામેલ હતો. લાદેનને માર્યા બાદ અમેરિકાની ગુપ્તચર એજન્સીઓ આખી દુનિયામાં અલ-ઝવાહિરીને શોધી રહી હતી. આ વર્ષે ૩૧ જુલાઈએ અફઘાનિસ્તાનની રાજધાની કાબુલમાં કરાયેલા ડ્રોન હુમલામાં અલ-ઝવાહિરીને અમેરિકાએ માર્યો હતો. એવું માનવામાં આવે છે કે તાલિબાન અને પાકિસ્તાન બંને તેને મદદ કરી રહ્યા હતા. અમેરિકી ડ્રોન હુમલામાં માર્યા ગયેલા અલ-ઝવાહિરીનો મૃતદેહ મળ્યો નહોતો. અમેરિકાનો દાવો છે કે ડ્રોન હુમલો એટલો ચોક્કસ અને શક્તિશાળી હતો કે મૃતદેહ ઉડી ગયો હતો.

## ધો.૧માં પ્રવેશ માટેની વય મર્યાદા ૬ વર્ષ કરવાનાં નિયમનો કડકાઈથી અમલ થશે

નવી દિલ્હી, તા.૨૪: ગુજરાત રાજ્યમાં નવા શૈક્ષણિક સત્રથી ધોરણ ૧માં પ્રવેશ મેળવવા માટેની વયમર્યાદા વધારીને ૬ વર્ષ કરી દેવાઈ છે. રાઈટ ટુ એજ્યુકેશન એકટ (RTE)ના નિયમ અંગતર્ગત ૨૦૨૩-૨૪થી ફરજિયાતપણે ૬ વર્ષ પૂર્ણ કરનારા બાળકને જ પહેલા ધોરણમાં પ્રવેશ અપાશે. સરકારના આ નિર્ણયના કારણે અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરી રિપીટ કરવું પડી શકે છે. ૧ જૂન ૨૦૨૩ સુધીમાં જે વિદ્યાર્થીઓને ૬ વર્ષ પૂર્ણ થવામાં થોડાક મહિના કે દિવસો ખૂટતા હોય તેમને આ નિયમમાંથી બાકાત રાખવામાં આવે તેની રજૂઆત વાલીઓના પ્રતિનિધિઓ દ્વારા મોટા શહેરોના જિલ્લા શિક્ષણ અધિકારીઓ (DEO) સમક્ષ કરવામાં આવી છે. જોકે, અધિકારીઓનું કહેવું છે કે, વયમર્યાદાના માપદંડનું પાલન ૨૦૨૩થી કડકાઈથી કરવામાં આવશે. તેમ અહેવાલ જણાવે છે.

રાજ્યના શિક્ષણ સચિવ વિનોદ રાવે જણાવ્યું, 'ધોરણ ૧માં ૬ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા જ વિદ્યાર્થીને પ્રવેશ આપવાના માપદંડના કારણે અંદાજિત ત્રણ લાખ વિદ્યાર્થીઓને પ્રી-પ્રાયમરીનું શિક્ષણ રિપીટ કરવું પડી શકે છે. અહીં ઉલ્લેખનીય છે કે, પ્રી-પ્રાયમરીમાં એડમિશનની પ્રક્રિયા અગાઉ રાજ્ય સરકાર નિયંત્રિત નહોતી એટલે જ નર્સરી, જૂનિયર અને કિન્ડરગાર્ટનમાં પ્રવેશ મેળવવા માટે વયમર્યાદાનો કોઈ માપદંડ નહોતો. પરિણામે એવા અસંખ્ય કિસ્સા છે જેમાં અઢી વર્ષના બાળકને નર્સરી સ્કૂલમાં પ્રવેશ આપી દેવાયો હોય. જોકે, આખરે હવે વયમર્યાદા ઉપર નિયંત્રણ મૂકવામાં આવ્યું છે.

## મંગળવારે દેશભરની હોસ્પીટલોમાં કોરોનાની મોકડ્રીલ

નવી દિલ્હી તા. ૨૪ : ચીનમાં કોરોનાના વધતા ખતરાને જોતા કેન્દ્ર સરકારે ભારતમાં પણ તૈયારીઓ ઝડપી કરી દીધી છે. સરકારે જાહેરાત કરી છે કે ૨૭ ડિસેમ્બરે દેશની તમામ હોસ્પીટલોમાં ઈમરજન્સીની તૈયારીની સમીક્ષા માટે એક મોક ડ્રીલનું આયોજન કરવામાં આવશે. જેમાં તમામ પ્રકારની સરકારી અને ખાનગી હોસ્પીટલો જોડાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોવિડની સ્થિતિ ઉપર સમીક્ષા બેઠક યોજયાના એક દિવસ બાદ મોકડ્રીલ હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં કેન્દ્રએ રાજયોને ઓકસિજન સિલિન્ડર, ઓકસિજન ઉત્પાદન પ્લાન્ટ, વેન્ટીલેટર અને હોસ્પીટલના અન્ય ઈન્ફ્રાસ્ટ્રકચરની સ્થિતિ તપાસવા અને ઓડિટ કરવાની સલાહ આપી છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકને ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે હાર્દિક શુભકામના...

**શ્રી મહેતા સાર્વજનિક હોસ્પિટલ અને સ્ટર્લિંગ હોસ્પિટલ, રાજકોટ દ્વારા મગજ, મણકા અને હૃદયનાં રોગો માટે વિશેષ નિદાન કેમ્પ ઉના ખાતે...**

**ડૉ. ગૌરાંગ વાઘાણી**
MS, M.Ch. (Neurosurgery, AIIMS)
Fellow Endovascular Neurosurgery (South Korea)

**ડૉ. પાર્શ્વ વોરા**
MD, DM (Cardiology)
હૃદયરોગ નિષ્ણાત

નીચે મુજબની તકલીફોવાળા દર્દીઓ માટે...
+ ચાલવાથી કે સીડી ચડવાથી છાતીમાં દુખાવો કે ગભરામણ થવી
+ હાથ પગમાં ખાલી ચડવી કે દુખાવો થવો
+ ચાલવામાં તકલીફ થવી
+ ગાદી કે ગણકા ખસી જવા
+ હાઈ બ્લડ પ્રેશર (બીપી)
+ મણકાનાં ફ્રેકચર તથા પેરેલિસિસ
+ ઝાડા - પેશાબનાં નિયંત્રણમાં તકલીફ હોવી
+ ટ્રાઈજેમિનલ ન્યુરાલ્જીયા
+ પેરેલિસિસની અસર હોવી
+ બાળકોમાં થતી હૃદયરોગની તકલીફો
+ મગજમાં કે મણકામાં ગાંઠ હોવી

તારીખ : ૨૯-૧૨-૨૦૨૨, ગુરૂવાર ▪ સમય : સવારે ૧૧ થી ૨

સ્થળ : એવરેસ્ટ હોસ્પિટલ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી એવમ્ શ્રી મહેતા ગાર્ડી અને ભાનુ જનરલ હોસ્પિટલ, વડાલ પોલીસ સ્ટેશન પાસે, ભાવનગર રોડ, ઉના

તપાસ ફી માત્ર : રૂા. ૧૦૦

એપોઈન્ટમેન્ટ માટે સંપર્ક : ૭૨૦૩૦ ૬૪૧૦૧, ૮૯૮૦૮ ૯૬૯૬૧
વધુ માહિતી માટે સંપર્ક : ૯૭૨૬૩ ૯૦૬૯૦

sterling Hospitals — Because life matters



**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
બી.એ.એમ.એસ. (B.V.P.U.). Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**



કેન્સરના નિષ્ણાંત
**ડો. પૂજા તન્ના આપના શહેરમાં**

લક્ષણો
• મોઢામાં ન રૂઝાતું ચાંદુ
• ખાવામાં કે પાણી પીવામાં તકલીફ
• ગળામાં કે બગલમાં ગાંઠ
• ઝાડા કે પેશાબમાં લોહી
• સ્તનમાં ગાંઠ
• વજનમાં નોંધપાત્ર ઘટાડો
• લાંબા સમયથી ઉધરસ
• લાંબા સમયથી તાવ
• ગળફામાં લોહી

દર મહિનાના ચોથા મંગળવારે — તપાસ ફી ₹600/-

તારીખ : ૨૭ ડિસેમ્બર ૨૦૨૨, મંગળવાર

અપોઈન્ટમેન્ટ માટે : ૯૯૭૯૭ ૯૩૯૫૯

WOCKHARDT HOSPITALS | LIFE WINS







● જુનાગઢ : માર્શલ ટ્રેડીંગ કું. - 7069075829, 8929207342

### ગુજરાત સરકારના નિર્ણયથી કૃષ્ણ ભક્તોમાં હર્ષની હેલી

# દ્વારકાધીશ મંદિર કોરિડોર બનતા જ કૃષ્ણભૂમિમાં થશે નુતન સૂર્યોદય

## કરોડોના ખર્ચે બનનારા સંકુલથી યાત્રિકોને મળશે નવિનતમ સુવિધા


(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૪

ભારતના પશ્ચિમ છેવાડાની ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ રાજધાની દ્વારકા નગરીને દેશના તીર્થક્ષેત્રોના વિકાસ બાદ હવે કેન્દ્ર અને રાજય સરકારે અતિથિ ભૂમિના આ તીર્થભૂમિના વિકાસ અને સુવિધાઓ માટે ગઈકાલે રાજ્યની કેબિનેટ બેઠકમાં કોરીડોર મંદિર સાથે જોડતી વિકાસ યોજનાની જાહેરાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના શાસનમાં સુવર્ણનગરી દ્વારકામાં નુતન સૂર્યોદયના અજવાળા પથરાવાના સમાચારથી દ્વારકા નગરી અને દ્વારકાધીશજીના ભક્તોમાં આનંદની હેલી જોવા મળીછે. આમ જોઈએ તો કોરોના કપરા કાળ બાદ હિંદુઓની આસ્થા ધર્મ પ્રત્યે ખૂબ જ વધી ગઈ છે. ત્યારે દ્વારકાધીશ ધામમાં પ્રવાસી યાત્રિકોનો પ્રવાહ છેલ્લા બે વર્ષમાં અનેક ગણો વધારો થયો છે. ત્યારે સરકાર પણ દ્વારકા નગરીની પ્રાચીનતાને ધ્યાનમાં લઈ દ્વારકાધીશ મંદિર પરિષદને વધુ સુવિધા યુક્ત બનાવવા અનેક દિશા તરફ આધુનિક સુવિધા સફર વિકાસ સંકલન સાથે કોરિડોરના પ્રથમ તબક્કાનું કાર્ય આગામી જન્માષ્ટમીના દિન ખાતે મુહૂર્ત કરનાર છે. આ અંગે પ્રાથમિક વિગતો મુજબના સૂત્રોની માહિતી પ્રમાણે દ્વારકાધીશ મંદિર આસપાસનું સ્ટ્રકચર એકસો મીટરની ત્રિજ્યામાં ખુલ્લું કરાવીને મંદિર આસપાસની ગીચતા તથા ટ્રાફિકને નિયંત્રણમાં લાવવા અને પ્રાચીન ભૂમિની જાણવળી કરવામાં આવશે. સમગ્ર દેશ દુનિયામાંથી આવતો પ્રત્યેક શ્રદ્ધાળુ, ભાવિક ધ્વજાના દર્શન કરીને વધુને વધુ ધન્યતા અનુભવે તેવા વિચારો સાથે ભાજપ સરકારની આ કોરીડોરના નૂતન નિર્માણ તરફ આગળ વધી રહી છે. તાજેતરમાં જ ગુજરાત રાજય વિધાનસભાની ચૂંટણી પૂર્વે રાજય સરકારે શ્રી કૃષ્ણ નગરીને કોરીડોર સુવિધા સાથેના વિકાસની વાત તેમના શ્વેત પત્રમાં પણ જાહેર કરી છે. દ્વારકાના ધીરૂભાઈ અંબાણી માર્ગ પરથી મંદિર કોરિડોરમાં પ્રથમ પ્રવેશ હશે તેવું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. જેમાં ગોમતીઘાટ, સુદામા સેતુ તથા સમુદ્ર કિનારે આવેલ પૌરાણિક પંચનાદ તીર્થ ભૂમિ વગેરેનો વિકાસ મુખ્ય પાયો હશે. વર્ષ ૧૯૯૫ ના સમયમાં નરેન્દ્ર મોદી અને પરિમલભાઈ નથવાણીની જોડીએ વિકાસના પ્રથમ ચરણનું કાર્ય શરૂ કર્યું હતું. દ્વારકાના વિકાસ માટે હંમેશા તત્પર રહેતા એવા દ્વારકા જિલ્લાના વતની પરિમલભાઈ નથવાણીએ નરેન્દ્ર મોદીની સરકાર સાથે દ્વારકાના વિકાસ કાર્યના પ્રથમ ચરણનું કામ ભાવ ભક્તિ અને શ્રદ્ધા સાથે શરૂ કર્યું હતું. પરિમલ નથવાણીએ વર્ષો જૂના ગોમતીઘાટના જર્જરીત ભાગોનો જીર્ણોદ્ધાર કરીને ગોમતીઘાટ તથા પંચનાદ તીર્થ ક્ષેત્રને સુદામા સેતુ બ્રિજનું નિર્માણ કરીને વિશેષ સુવિધા ભકતોને અર્પણ કરી હતી. ત્યારબાદ મંદિર પરિસરનું નિર્માણ કરી દેવસ્થાન સમિતિની કચેરી તથા જગત મંદિરમાં સીસી કેમેરા, અવર જવરના માર્ગો સહિતની સુવિધામાં વધારો કર્યો હતો.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં યોજાનાર જોબફેરમાં રહેલી ખાલી જગ્યાની અંગે સૂચના જારી

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૪

ગુજરાત સરકારના શ્રમ, કોશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, તથા રોજગાર અને તાલીમ વિભાગ દ્વારા સંચાલિત દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર કચેરી દ્વારા જિલ્લાના તમામ રોજગારવાંચ્છુ યુવાઓને રોજગારી મળી રહે તેમજ નોકરીદાતાને યોગ્ય કુશળ માનવબળ અને સારા કામદાર મળી રહે તે હેતુથી આગામી સમયમાં જોબ ફેરનું આયોજન કરવામાં આવશે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના નોકરીદાતા જેઓને કુશળ અને સારા શ્રમિક, કામદારો કે સ્ટાફની જરૂર હોય, તેઓ તેમની સંસ્થા કે એકમ કે કંપનીમાં આગામી સમયમાં ખાલી રહેવાપામનાર જગ્યા માટે ભાગ લેવા ઈચ્છતા હોય તે નીચે આપેલ ઈ-મેલ આઈ-ડી અથવા રોજગાર સેતુ કોલ સેન્ટરના નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવાયું આવ્યું છે. આ જોબ ફેરમાં ભાગ લેવા માટે કંપની, સંસ્થા, એકમ, હોટેલ કે કોન્ટ્રાકટરો પાસેથી કોઈપણ પ્રકાનો ચાર્જ વસુલવામાં આવતો નથી અને તેઓને જેવા પ્રકારના માણસોની જરૂરિયાત હોય તેવા પ્રકારના ઉમેદવારો અત્રેની કચેરી દ્વારા બોલાવવામાં આવે છે. આમ બંને પક્ષે (ઉમેદવારો અને સંસ્થા) તમામ પ્રકારની વ્યવસ્થા કચેરી દ્વારા વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. જિલ્લાની તમામ કંપની, સંસ્થા, એકમ, હોટેલ કે કોન્ટ્રાકટર પોતાને ત્યાં ખાલી રહેલ જગ્યાઓ દેવભૂમિ દ્વારકા જિલ્લા રોજગાર વિનિમય કચેરી ખાતે નોંધાવી કચેરી દ્વારા યોજાતા જોબફેરમાં ભાગ લઈ શકશે. જેની ઈ-મેઈલ આઈ-ડી dee.devbhumidwarka@gmail.com છે.

# આરોગ્ય વીમાની રકમ રૂા.૧૦ લાખ કરવા સહિત ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાતોના અમલનો દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના આગેવાનો દ્વારા આવકાર

(કુંજનરાડિયા દ્વારા)

જામખંભાળિયા તા.૨૪

ગુજરાતમાં તાજેતરમાં યોજાઈ ગયેલી વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપ સરકાર દ્વારા કેટલાક પ્રજાલક્ષી વાયદાઓ કરવામાં આવ્યા હતા. જેની અમલવારીના કરવામાં આવેલા પ્રારંભને દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપના આગેવાનો, હોદ્દેદારો દ્વારા આવકારવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પી.એમ.જે.એ.વાય ) હેઠળ સરકાર દ્વારા અગાઉ આપવામાં આવતી મેડિકલ સહાયને વધારીને રૂ. ૧૦ લાખ કરવા અંગે ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા નિર્ણયના કારણે રાજયના અનેક પરિવારોએ રાહત સાથે આનંદની લાગણી વ્યક્ત કરી છે. સરકાર માન્ય ખાનગી હોસ્પિટલ તથા લેબોરેટરીમાં નિઃશુલ્ક નિદાન, સરકારી કલ્યાણકારી યોજના માટે ફેમિલી કાર્ડ યોજના, દેવભૂમિ દ્વારકામાં કોરીડોર-૧ના નિર્માણ માટે તારીખ ૭ સપ્ટેમ્બર - ૨૦૨૩ પહેલા ભૂમિ પૂજન, ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે પાક ધિરાણ યોજના હેઠળ રૂા.૪૧૭ કરોડની વ્યાજ સહાય પેટે ચૂકવાશે. ઉદ્યોગોને ઝડપથી મંજૂરી મળે તે માટે ફેસિલીટેશન ડેસ્કની રચના, કોરોના અંગે સાવચેતી માટે આગામી દિવસોમાં સરકારી તથા ખાનગી હોસ્પિટલમાં એક લાખ બેડની સુવિધા જેવા મહત્વના નિર્ણયો ભાજપ સરકાર દ્વારા લેવામાં આવ્યા છે. પ્રજાલક્ષી અભિગમ સાથેના સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયોને હાલારના સાંસદ પૂનમબેન માડમ, ધારાસભ્ય મુળુભાઈ બેરા તથા પબુભા માણેક, જિલ્લા ભાજપ પ્રમુખ ખીમભાઈ જોગલ, મહામંત્રી મયુરભાઈ ગઢવી, યુવરાજસિંહ વાઢેર, શૈલેષભાઈ કણજારીયા સાથે અગ્રણી પી.એસ. જાડેજા, હરિભાઈ નકુમ, પાલભાઈ કરમુર, અનિલભાઈ તન્ના, જિલ્લા યુવા પ્રમુખ વનરાજસિંહ વાઢેર, સંજયભાઈ નકુમ, જીતેન્દ્ર કણજારીયા, રસિકભાઈ નકુમ વિગેરે દ્વારા આવકારી, સરકારના આ પગલાથી લોકોની સુખ-સુવિધામાં વધારો થશે તે અંગેનો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

# ખંભાળિયામાં શેઢા બાબતનું મનદુઃખ રાખીને વૃદ્ધ ઉપર ત્રણ કૌટુંબિક શખ્સો દ્વારા હુમલો

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

ખંભાળિયા તાલુકાના ભાડથર ગામે રહેતા ભાયાભાઈ મેસાભાઈ ચાવડા નામના ૬૦ વર્ષના આહિર વૃદ્ધ સાથે વાડીના શેઢા બાબતનું અગાઉનું મન-દુઃખ રાખી, આ જ ગામના સામત મેરામણભાઈ ચાવડા, પરેશ સામતભાઈ ચાવડા અને માંડણ સામતભાઈ ચાવડા નામના ત્રણ શખ્સોએ લોખંડના પાવડા, લાકડી તથા ખપારી જેવા મારક હથિયારો વડે હુમલો કરી, ફરિયાદી ભાયાભાઈને બેફામ મારતા તેમને ફ્રેકચર સહિતની ઈજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આટલું જ નહીં, આરોપી શખ્સોએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપતા આ સમગ્ર બનાવવા અંગે ખંભાળિયા પોલીસ મથકમાં ત્રણેય શખ્સો સામે આઈ.પી.સી. કલમ ૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૪, ૫૦૬ (૨), ૧૧૪ તથા જી.પી. એકટની કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે.

# શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાન-રાજકોટ પ્રેરિત ‘અમૃત મહોત્સવ’ને ખુલ્લો મુકતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



(પંકજઝીબા દ્વારા)

રાજકોટ તા.૨૪

વિકસિત ભારતના સ્વપ્રને પરિપૂર્ણ કરવા સશકત રાષ્ટ્રના નિર્માણમાં ગુરૂકુળ જેવી સંસ્થાઓનું બહુમૂલ્ય યોગદાન રહ્યું છે તેમ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સંસ્થાન રાજકોટ પ્રેરિત ‘અમૃત મહોત્સવ’ને સહજાનંદનગર ખાતે ખુલ્લો મુકતા જણાવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાજકોટમાં બાળકીઓ માટે બની રહેલું ગુરૂકુળ એક સરાહનીય કાર્ય આપણે સૌએ માતાના ગર્ભમાંથી જન્મ લીધો છે માતા એ પ્રથમ ગુરૂ છે. બાળકીઓ બે કુળને શિક્ષિત-દિક્ષીત કરે છે. રાજકોટ ખાતે સ્વામિનારાયણ સંસ્થાના ૭૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે અમૃત મહોત્સવ સાથોસાથ ભારતની આઝાદીના ૭૫ વર્ષ અનુસંધાને અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે જે એક સુભગ સમન્વય છે. સ્વામિનારાયણ ગુરૂકુળની સંસ્થા વિદ્યાર્થીઓમાં શિક્ષણની સાથોસાથ મૂલ્યનિષ્ઠ સંસ્કારોનું સિંચન કરવાનું પણ ઉમદા કાર્ય કરી રહ્યું છે. અહીં વિદ્યાર્થીઓ જ્ઞાન મેળવવાની સાથે ઉચ્ચ માનવ મૂલ્યો પણ પ્રાપ્ત કરે છે, જે વિકસિત રાષ્ટ્રના નિર્માણમાં ખૂબ જ જરૂરી હોવાનું મુખ્યમંત્રીએ જણાવ્યું હતું. હાલ આપણે આઝાદીના અમૃત કાળમાં પ્રવેશી ચૂક્યા છીએ ત્યારે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના સ્વપ્નને પરિપૂર્ણ કરવામાં આપણે સૌ પ્રબળ રાષ્ટ્રભાવના સાથે સહભાગી બનીએ તેવું આહવાન ભુપેન્દ્ર પટેલે કહ્યું હતું. ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ મુખ્યમંત્રીએ ગુજરાત રાજ્યના વિકાસમાં સૌ નિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરી શકીએ તે માટે અમે અહીં સંતો મહંતોના આશીર્વાદ લેવા આવ્યા હોવાનું પણ સગૌરવ જણાવ્યું હતું. રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, રાજકોટ ગુરૂકુળ આજે બીજમાંથી વટવૃક્ષ સમાન એક સંસ્થા બની ગઈ છે. મેં ગુરૂકુળની કામગીરીને નજીકથી જોઈ છે. તેમના ગુરૂકુળ વિશાળ અને આલીશાન છે. સ્વામિનારાયણ સંસ્થાના સિદ્ધાંતોને વાગોળતા તેમણે કહ્યું હતું, જે દેશમાં નારીનું સન્માન થાય છે, ત્યાં દેવતાઓનો વાસ નિશ્ચિત છે. ભારતીય નારીનું સન્માન વર્ષોથી કરવામાં આવે છે. સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ સંતોનું માતા-બહેનો-દિકરીઓ પ્રત્યેનું આદર સન્માન જોઈને હું પ્રભાવિત થયો છું. તેઓ મંદિર બનાવીને પુજા પાઠ પુરતું સિમિત નથી પરંતુ કુરીવાજો વિરૃધ્ધ કામ કરે છે, આરોગ્ય માટે જરૂરી સાધન-સુવિધા પુરી પાડે છે, બાળકોને ભણાવે છે, ગાયોનું અને ધર્મનું રક્ષણ કરે છે, માતાઓનું સન્માન કરે છે. રાજયપાલએ આ સંસ્થાની સરહાના કરતા જણાવ્યું હતું કે હાલ ૫૦ જેટલા ગુરૂકૂળ કાર્યરત છે, પરંતુ રાજકોટમાં બાળકીઓ માટે બની રહેલું ગુરૂકુળ એક સરાહનીય કાર્ય છે. નારી એ સમાજનો અડધો હિસ્સો છે, આપણે સૌએ માતાના ગર્ભમાંથી જન્મ લીધો છે. માતા એ પ્રથમ ગુરૂ છે. બાળકીઓ બે કુળને શિક્ષિત-દિક્ષીત કરે છે. માટે તેમને શિક્ષણ આપવું જ જોઈએ. બાળકીઓના શિક્ષણ માટે ગુરૂકુળના દાતાઓએ કરા અર્થમાં પરોપકારનું કાર્ય કર્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, રાજયપાલ આચાર્ય દેવવ્રત સહિતના મહાનુભાવોએ સહજાનંદ નગરના પ્રાંગણમાં હિમાલય ગેટ પર સહજાનંદ સ્વામીની પ્રતિમાનું પુષ્પથી પૂજન તેમજ રીબીન કાપી મહોત્સવને ખુલ્લો મુક્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ ગુરૂકુળના બાળકો દ્વારા સ્વાગત નૃત્યથી કરવામાં આવ્યો હતો. સંત મહંતો તેમજ મહાનુભાવો દ્વારા રાજકોટ ગુરૂકુળ સંસ્થાન દ્વારા નિર્માણ થવા જઈ રહેલ કન્યા ગુરૂકુળની ભૂમિના બાંધકામની પ્રથમ ઈટનું(ઈષ્ટિકા) પૂજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ સુરેન્દ્રનગરનું સ્વામિનારાયણ ગુરૂકુળ મંદિરનું ઈ-લોકાર્પણ કર્યું હતું. તેમજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ જામનગર સ્થિત સ્વામીનારાયણ ગુરૂકુળ મંદિરનું ઈ-લોકાર્પણ કર્યું હતું. સ્વામિનારાયણ સંસ્થાનની ૭૫ વર્ષની સફળ યાત્રાની ફિલ્મ નિર્દર્શન કરવામાં આવ્યુ હતું. પ. પૂ. ૧૦૦૮ વડતાલ ગાદીપતિ આચાર્યરાકેશપ્રસાદજી મહારાજે સ્વામિનારાયણ સંસ્થાની કામગીરીનો ચિતાર રજૂ કર્યો હતો. આ પ્રસંગે મહારાજ ગુરૂવર્ય દેવકૃષ્ણ દાસજી, મહંત દેવ પ્રસાદજી સ્વામી, મહંત ધર્મવલ્લભ સ્વામી, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, ઉદયભાઈ કાનગળ, રમેશભાઈ ટીલાળા, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, પ્રદેશ ઉપાધ્યક્ષ ડો. ભરતભાઈ બોઘરા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી અગ્રણીઓ સર્વે ચેતનભાઈ રામાણી, રાજુભાઈ ધ્રુવ, ભૂમિદાતા યજમાન લાલજીભાઈ પટેલ રાકેશભાઈ દુધાત, કલેકટર અરૂણ મહેશ બાબુ, પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, મ્યુનિસીપલ કમિશનર અમીત અરોરા, રીજીયોનલ કમિશર ધિમંતકુમાર વ્યાસ, ધીરજ કાકડીયા સહિત સ્વામિનારાયણ સંતો મહંતો અને વિશાળ સંખ્યામાં હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા.


**જૂનાગઢમાં ફલેટ વેંચવાનો છે**

જૂનાગઢમાં જલારામ સોસાયટીમાં ઉત્તર દિશાનો 3 BHK દીલથી બનાવેલ ફુલ ફર્નીચર સાથે ફલેટ વેંચવાનો છે

: કોન્ટેક નંબર :

પંકજભાઈ રૂપારેલીયા

મો૯૮૯૮૭૫૪૩૨૮

**માણસોની જરૂર છે**

અનુભવી બિનઅનુભવી માણસોની જરૂરત છે હોજીયરી અંડરગારમેન્ટસ તથા નાઈટવેર

: કોન્ટેક :

દિપેનભાઈ, જૂનાગઢ

મો૯૪૨૬૬૩૬૧૭૦

**મિલકતો વેચવાની છે**

★ ત્રિપ્લેક્ષ- ગેંડા અગડ રોડ
★ ત્રિપ્લેક્ષ- દુધેશ્વર સોસાયટી બસ સ્ટેન્ડ પાસે
★ ડુપ્લેક્ષ-રાજકોટ મોરબી રોડ (જૂનાગઢમાં બદલો ચાલશે)
★ ત્રિપ્લેક્ષ-શુકલ શેરી જવાહર રોડ વેંચવાનું છે
★ ફલેટ, ઓફિસ, મકાન ભાડે મળશે

મો૮૧૪૦૫૨૨૮૨૦

**૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.**
માખણ રૂા. ૪૦૦
મલાઈ(ક્રિમ) રૂા. ૩૦૦

**૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી**
ભેંસનું ઘી રૂા. ૫૬૦
ગાયનું ઘી રૂા. ૬૦૦

મલાઈવાળું દહી, ઘોરવું | તાજુ પનીર ગાયનું દુધ

**શ્રી ચંદ્ર ડેરી ફાર્મ**

શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી

(અશોકભાઈ)

આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણઝારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

**સૌરાષ્ટ્ર ભૂમિ** દૈનિક

• ટચૂકડી જાહેર ખબર •

જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફક્ત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે

**રાજ ડાયનીંગ હોલ**

● સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
● જૂનાગઢ શહેરના હદયસમા કાળવાચોકમાં
● આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.

રાજ ડાયનીંગ હોલ

કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**



ધીરૂભાઈ જે. સોની

નવો નંબર નોંધી લેશો

મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩

વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩

કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**

દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.

મો.૯૩૭૫૫૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ

**વિજય ઘી ડીપો**

તહેવારો નિમિતે ગાયનું શુધ્ધ ઘી આવી ગયેલ છે તેમજ ભેંસનું શુધ્ધ ઘી મળશે

**વિજય ઘી ડીપો**

ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ

ફોન : ૨૬૨૫૧૨૩

**દિપક ફટાકડા સેન્ટર**

લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે

**દિપક ફટાકડા સેન્ટર**

C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.

ફોનઃ ૨૬૫૨૬૧૨

**સ્વાદનો ચટકો !**

અમારે ત્યાંથી

● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા

તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે

:: ખાસ નોંધ ::

લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.

**જલારામ પાણીપુરી**

પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.

જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

**વંદના સ્પેશિયલ**

- સ્પે. પંજાબી પફ
- ઘઉંની બ્રેડ (આટાબ્રેડ)
- સ્પે. પફ/પીઝા, ખારી

**વંદના બેકરી**

તળાવ સ્ટ્રીટ ફોન : ૨૬૨૪૨૪૪

**નારાયણ બેકરી**

સુખનાથ ચોક

ફોન : ૨૬૨૩૨૨૪

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે

**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**

વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

**આઈસ્ક્રીમ**

અંદર બેસવાની સુંદર વ્યવસ્થા

ક્રીમ લચ્છી સન્ડે આઈસ્ક્રીમ ક્રિમ મિલ્ક સેઈક

શિખંડ - બાસુંદી - દહીંવડા

કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

### પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયના પ્રચાર-પસારના ભાગરૂપે

# તા.૪ થી ૧૪ જાન્યુઆરી સુધી જૂનાગઢ જીલ્લામાં કૃષિઋષી સંત યાત્રા યોજાશે

**કૃષિઋષી સંત યાત્રામાં ૧૪થી ૧૫ રથો રહેશે અને ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયનું પાલન કરે તે માટે આહવાન કરાશે : સતત ૧૦ દિવસ સુધી જીલ્લાભરમાં એક અલગ માહોલ જ ઉભો કરવામાં આવશે**



(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨૪

ભારતીય સંસ્કૃતિમાં પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયનું ખુબજ મહત્વ રહેલું છે.શરીરની તંદુરસ્તી કાયમી જળવાઈ તેમજ અત્યારના યુગમાં જુદા જુદા રોગોનું સતત આક્રમણ થઈ રહ્યું છે તેની સામે અભેદ સુરક્ષા કવચ જો કોઈ પુરૂ પાડતું હોય તો તેને માટે દેશી ગાયનું દુધ, અને તેની બનાવટોને ઉત્તમ આહાર તરીકે લેવામાં આવે છે. આ ઉપરાંત આપણા ઋષીમુનીઓએ ગૌમુત્રને પણ એક આર્યુવેદીક ઉપચ્ચાર પધ્ધતિમાં મહત્વનું સ્થાનો આપેલ છે. ભારતવર્ષમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરે અને દેશી ગાયનું પાલન કરે તેવું એક આહવાન અને જન જન સુધી આ સંદેશો પહોચાડવા માટે એક માહોલ જૂનાગઢ જીલ્લામાં ઉભો કરવામાં આવી રહ્યો છે અને કૃષિઋષી સંત યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. ગઈકાલે યોજાયેલી પત્રાકાર પરીષદમાં આ અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. સંતો દ્વારા દિપપ્રાગટય કરાયા બાદ ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાકૃતિક ખેતી કરવાથી થતા ફાયદા અનો દેશી ગાયના પાલન બાબતે પ્રકાશ પાડયો હતો.

દેશમાં ખેડૂતો વધુને વધુ પ્રાકૃતિક ખેતી કરે અને દેશી ગાયનું પાલન કરે તે માટેનું અભિયાન હાથ ધરવામાં આવી રહેલ છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી માટેનું આહવાન કરવામાં આવી રહ્યું છે તો બીજી તરફ ગુજરાત રાજયના રાજયપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક ખેતીનો પ્રાધાન્ય આપેલ છે અનો ગુજરાતને એક વિશ્વનું પ્રાકૃતિક ખેતીનું મોડલ બનાવવા માંગે છે ત્યારે આ સ્વપ્નનો સાકાર કરવા માટે જૂનાગઢ જીલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો વધુમાં વધુ પ્રાકૃતિક ખેતી કરે અને દેશી ગાયનું પાલન કરે તેવા શુભહેતુ સાથે આગામી તા.૪/૧/૨૦૨૩ થી તા.૧૪/૧/૨૦૨૩ સુધી કૃષિઋષી સંત યાત્રાનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. કૃષિઋષી સંત યાત્રાનો મુખ્ય હેતુ પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયનો પ્રચાર પ્રસાર કરવાનો છે જેથી ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય અને દેશી ગાયનું પાલન વધારે કરે.

આ યાત્રા જૂનાગઢ જીલ્લાના નવ તાલુકાના મોટા ભાગના બધાજ ગામોમાં કૃષિઋષી સંત યાત્રા નીકળશે. કૃષિઋષી સંત યાત્રામાં કુલ ૧૪ થી ૧૫ રથ રહેશે જે દરેક તાલુકાઓના પ્રખ્યાત ધાર્મીક સ્થાનનું પ્રસ્થાન કરશે જે રથ તે ગામના મંદિરોના દેવ દર્શન કરતા કરતા ગ્રામજનોને તે રથ સાથે જોડતા જાય અને ગામના પાદરે અથવા ગૌશાળાઓએ આવી તે સભામાં પરિવર્તીત થઈ જાય અને તે સભામાં ગામના વિશિષ્ટ કામગીરી કરનાર વ્યકિતઓનું સન્માન થાય અને પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયો વિશે માહિતી આપે તેવી રીતે પ્રતિદીન ૩ થી ૪ ગામમાં યાત્રા કરશે. તા.૧૩/૧/૨૦૨૩ એ છેલ્લા ગામો પૂર્ણ કરી આ યાત્રા તા.૧૪/૧/૨૦૨૩એ તાલુકા મથકના શહેરમાં યાત્રા કરશે. જેમાં તે શહેરી જનોને પ્રાકૃતિક ખેત પેદાશ તેમના સારા સ્વાસ્થ્યમાટે કેટલી ઉપયોગી છે તેનો પ્રચાર કરશે અને દેશી ગાયથી થતા ફાયદાનો પણ પ્રચાર કરશે. કૃષિઋષી સંત યાત્રા ૧૦ દિવસ રહેશે અને ૧૦એ ૧૦ દિવસ દરેક ગામમાં પ્રાકૃતિક ખેતી અને દેશી ગાયના પ્રચાર માટે માહોલ ઉભો કરવા ૧૦ દિવસ સુધી દરરોજ અડધો કલાક વિષેશ કાર્યક્રમ રહેશે જેમાં ગૌ પૂજન, ભૂમિ પૂજન, જલ પૂજન, બાલ દિવસ, વૃક્ષ પૂજન, જીવામૃત અને ઘનજીવામૃત પરીક્ષણ, નારી શકિતકરણ, પરીવાર મિલન, આરોગ્ય દિવસ, દેવ દર્શનનો સમાવેશ થાય છે. દરમ્યાન આજે કોલેજ રોડ ખાતે આવેલી ગિરનાર પબ્લિક સ્કુલ ખાતે એક પત્રાકાર પરીષદ યોજવામાં આવી હતી જેમાં સાધુ-સંતો, લોક સાહિત્યકારો અને ખેડૂતો અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પત્રકાર પરીષદમાં જૂનાગઢ જીલ્લામાં યોજાનારી કૃષિઋષી સંત યાત્રા અંગેની વિસ્તૃત વિગતો આપવામાં આવી હતી. આયોજકો દ્વારા કૃષિઋષી સંત યાત્રાના કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠવવામાં આવી રહી છે.

# જૂનાગઢ જીલ્લામાં સમય મર્યાદામાં ફરિયાદો ઉકેલવા અને ગુણાત્મક જાહેર સેવા પુરી પાડવા માટે પરામર્શ

### સુશાસન સપ્તાહના ભાગરૂપે અધિકારીઓ સાથે બેઠક યોજતા કલેક્ટર રચિત રાજ



જૂનાગઢ તા.૨૪

કલેક્ટર રચિત રાજે સુશાસન સપ્તાહના ભાગરૂપે જિલ્લાના પ્રાંત અધિકારીઓ અને કલેક્ટર કચેરીના શાખાના વડાઓ સાથે બેઠક યોજી નિયત સમય મર્યાદામાં ફરિયાદો ઉકેલ લાવવા અને ગુણાત્મક જાહેર સેવાઓ પુરી પાડવા માટે પરામર્શ કરવાની સાથે જરૂરી સૂચનાઓ આપી હતી. જૂનાગઢ જિલ્લામાં વહીવટી તંત્રના વિવિધ પરિણામો પર અસરકારક અને સતર્ક રીતે હેમખેમ રાખવા માટે એક નવો અભિગમ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં સરકાર દ્વારા મહેસુલી સહિતની કામગીરી નિરિક્ષણ માટે સીએમ ડેશ બોર્ડ, આરએફએમએસ, ઈ-ધારા એન્ટ્રી, પીએમ ગતિશકિત, સ્વાગત અને સીએમઓ પોર્ટલ હોયછે. આ તમામ માપદંડો અને પોર્ટલ પર દેખરેખ રાખવા માટે નોડલ ઓફિસરની નિમણૂક કરવામાં આવશે. જેથી નિયમિત પરિણામોની સ્થિતિ અને પ્રગતિ વિશે સમીક્ષા કરી શકાય. આમ, ફરિયાદોના નિવારણમાં જૂનાગઢ જિલ્લો ટોચનું સ્થાન પ્રાપ્ત કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આમ, સમાજના અંતિમ તબક્કાના લોકો સુધી પહોંચવા માટે રાત્રીસભા સહિતના સંચિત પ્રયાસો વહીવટી દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

### ગીર સોમનાથની બે સિંચાઈ યોજનામાંથી

# વેરાવળ અને તાલાળા તાલુકાના ૩૯ ગામોને ઉનાળું પિયત માટે પાણી અપાશે

### સિંચાઈ વિભાગના નિર્ણયને ખેડૂતોએ હરખભેર આવકર્યો



વેરાવળ, તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાની બે સિંચાઈ યોજનાઓમાંથી વેરાવળ અને તાલાલા ગીર તાલુકાના ૩૯ ગામોને ઉનાળું પિયત માટે જાન્યુઆરીથી એપ્રિલ સુધી તબક્કાવાર પાણી આપવાનો નિર્ણય તાજેતરમાં મળેલ સિંચાઇ સલાહકાર સમિતિની બેઠકમાં થયેલ હતો. આ બન્ને સિંચાઈ યોજનામાંથી પાણી છોડવાના કરાયેલા નિર્ણયથી ૭૫૦૦ હેકટર ખેતી જમીનને સિંચાઈનું પાણી મળી રહેવાની સાથે પાણીના તળ જીવંત રહેશે. સિંચાઈ વિભાગના હકારાત્મક નિર્ણયને ગીરના આગેવાનો અને ખેડુતોએ વધાવ્યો છે. તાજેતરમાં ગીર સોમનાથ જિલ્લા સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર એ.પી. કલસરીયાની ઉપસ્થિતિમાં સિંચાઇ સલાહકાર સમિતિની અગત્યની બેઠક મળી હતી. જેમાં આ વર્ષે સારા વરસાદના લીધે હિરણ - ૧ કમલેશ્વર અને હિરણ -૨ ઉમરેઠી ડેમમાં પુરતાં પ્રમાણમાં પાણીનો જથ્થો ઉપલબ્ધ હોવાથી ખેડૂતોને ઉનાળું પિયત માટે જરૂરીયાત મુજબ ડેમમાંથી પાણી આપવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ અંગે સિંચાઈ વિભાગના મુખ્ય ઈજનેર એ. પી. કલસરિયાએ માહિતી આપતા જણાવેલ કે, હિરણ - ૧ કમલેશ્વર ડેમમાંથી ખેડૂતોને ૬ વખત જ્યારે હિરણ -૨ ઉમરેઠી ડેમમાંથી ૮ વખત પાણી આપવાનો નિર્ણય કરાયો છે. આ બન્ને સિંચાઈ યોજનામાંથી પિયત માટેનું પાણી છોડવાથી તાલાલા તાલુકાના ૨૦ જ્યારે વેરાવળ તાલુકાના ૧૯ ગામોના ખેડૂતોને સીધો લાભ મળશે. બેઠકમાં નક્કી કરાયા મુજબ હિરણ - ૧ ડેમમાંથી ૨૦ ફેબ્રુઆરીથી ૨૦ એપ્રિલ સુધીના જ્યારે હિરણ - ૨ ડેમમાંથી ૧૫ જાન્યુઆરીથી ૨૦ એપ્રિલના સમયગાળા સુધીમાં તબક્કાવાર કેનાલ મારફત પાણી આપવામાં આવશે.

આ અંગે માલજીજવા ગીરમાં ખેડુત અગ્રણી એવા સિંચાઈ સલાહકાર સમિતિના સભ્ય ડી.બી. સોલંકીએ જણાવેલ કે, ગીર પંથકમાં આ વર્ષે મેઘરાજા મન મૂકીને વરસ્યા હોવાના કારણે હાલના તબક્કે બન્ને સિંચાઈ યોજના હેઠળના બંન્ને ડેમો પૂર્ણ સપાટીએ ભરેલા છે. ત્યારે હિરણ નદીનું પાણી દરીયામાં વહી જતું જેને કેનાલ મારફતે ખેડુતોને આપવાના કરેલા સિંચાઈ વિભાગના અધિકારીઓએ કરેલા સરાહનીય નિર્ણયને આનંદ સાથે વધાવ્યો છે. આ નિર્ણયથી સાસણથી તાલાલા ગીર સુધીના હિરણ નદીના કાંઠા ઉપરનાં ૨૦ થી ૨૨ ગામોના પાણીના તળ જીવંત રહેશે. ઉપરાંત નવ ગામના ખેડૂતોને કેરીના આંબા, શેરડી, મગફળી, તલ, ઘાસચારો તથા કઠોળના વાવેતર થયેલ પાકોને અમુલ્ય લાભ મળશે જ્યારે ઘઉં, ચણા, ધાણા, લસણ સહિત શિયાળુ ફસલમાં પણ ખુબ જ ફાયદો થયો છે.

# જૂનાગઢ જીલ્લાના ૧૬૮ ગામોમાં ૨૫ થી વધુ ખેડૂતો સફળતાપૂર્વક કરી રહ્યા પ્રાકૃતિક ખેતિ

**પ્રાકૃતિક ખેતિના અભિયાનને વધુ વેગવાન બનાવવા માટે અધિકારીઓ સાથે પરામર્શ કરતા કલેક્ટર રચિત રાજ: જીલ્લાના ૪૩ ગામોમાં ૭૫ કરતા વધુ ખેડૂતોએ પ્રાકૃતિક ખેતિ અપનાવી**

**જીલ્લામાં પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ભાવિ આયોજન**

- જિલ્લાના સંતો અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓ દ્વારા પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન.
- જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની પ્રગતિની સમીક્ષા માટે નિયમિત બેઠકો.
- પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોની તાલીમ માટે વિશેષ વર્કશોપનું આયોજન.
- પ્રાકૃતિક ખેતીના ઉત્પાદનોના વેચાણને પ્રોત્સાહન આપવું.

જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ જિલ્લાની ૪૯૫ ગ્રામ પંચાયતમાં પ્રાકૃતિક ઢબે થતી ખેતિ જોવા મળી રહી છે. જેમાં જિલ્લાની ૧૬૮ ગ્રામ પંચાયતમાં ૨૫ થી વધુ અને ૪૩ ગ્રામ પંચાયતમાં ૭૫થી વધુ ખેડૂતો પાકૃતિક ખેતિ સફળતાપૂર્વક કરી રહ્યા છે.ત્યારે પ્રાકૃતિક ખેતિના આ અભિયાનને વધુ વેગવાન બનાવવા માટે કલેક્ટરશ્રી રચિત રાજે પ્રયાસો હાથ ધર્યા છે. આ સંદર્ભે તેમણે જિલ્લા ખેતિવાડી અધિકારી, આત્મા પ્રોજેકટના ડાયરેકટર સહિતના અધિકારીઓ સાથે પ્રાકૃતિક ખેતિને પ્રોત્સાહન આપવા માટે બેઠક પરામર્શક કર્યો હતો.

જૂનાગઢ જિલ્લામાં ૪૯૫ ગ્રામ પંચાયતો છે. જેમાં ૧૮૬ ગ્રામ પંચાયતમાં ૨૫ થી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. જેઓ પ્રાકૃતિક ખેતી સફળતાપૂર્વક કરી રહ્યા છે. ૪૩ ગ્રામ પંચાયતોમાં ૭૫થી વધુ ખેડૂતો પ્રાકૃતિક ખેતીમાં જોડાયા છે.જૂનાગઢ પ્રાકૃતિક ખેતીનો વધુ સારો અવકાશ છે. કારણ કે, જિલ્લાની મોટાભાગની વસ્તી ખેતી અને પશુપાલન સાથે સંકળાયેલી છે. જૂનાગઢ એક કૃષિપ્રધાન જિલ્લો છે અને જિલ્લા વહીવટીતંત્ર લાંબા સમયથી પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે સક્રિયપણે સામેલ છે. દર રવિવારે શહેરના સરદારબાગ ખાતે પ્રાકૃતિક હાટ (બજાર)નું આયોજન કરવામાં આવે છે. જ્યાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી ઉત્પાદનોમાં તાજા શાકભાજી, ફળો અને અન્ય ચીજવસ્તુઓનું વેચાણ કરી શકે છે. શહેરી વિસ્તારમાં નાગરિકો પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવતી ખેતીની તાજી પેદાશો મેળવી શકે છે. દર રવિવારે મોટી સંખ્યામાં લોકોને કુદરતી ખેતી ઉત્પાદનોનો લાભ મળે છે.

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પ્રાકૃતિક ખોરાક આધારિત કાફે "પ્રાકૃતિક પ્લાસ્ટિક કાફે" ખોલવામાં આવ્યું છે. જે પ્લાસ્ટિકના કચરાનાં બદલામાં પ્રાકૃતિક ખોરાક પૂરો પાડે છે. અહીં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો પાસેથી રોજિંદી જરૂરી ચીજવસ્તુઓ, શાકભાજી, ફળો અને મસાલા ખરીદી કરવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્ર એકાફે માટે પ્રાકૃતિક રીતે ઉગાડવામાં આવતા શાકભાજી, ફળો આપવા માટે ૧૦ થી વધુ ખેડૂતો સાથે એમઓયુ કર્યા છે.

# કલેકટર રચિત રાજની અધ્યક્ષતામાં પ્રશાસન ગાંવ કી ઔરની થીમ સાથે સુશાસન સપ્તાહની ઉજવણી

### પ્રજાલક્ષી સેવાઓ અને યોજનાઓને વધુ અસરકારક બનાવવા માટે માર્ગદર્શન આપતા કલેકટર




જૂનાગઢ તા.૨૪

કલેકટર રચિત રાજની અધ્યક્ષતામાં પ્રશાસન ગાંવ કી ઔરની થીમ સાથે સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે કલેકટરશ્રીએ પ્રજાલક્ષી સેવાઓ-યોજનાઓને વધુ સુદ્રઢ અને અસરકારક બનાવવા માટે માર્ગદર્શન આપ્યું હતું.

કલેકટર કચેરી ખાતે આયોજિત આ કાર્યક્રમમાં કલેકટરે કહ્યું કે, સમય મર્યાદામાં પ્રજાલક્ષી પ્રશ્નોનું નિરાકરણ આવે તે ખૂબ આવશ્યક છે. આ માટે નિયમિતપણે કામગીરીની સમીક્ષા કરવી પણ જરૂરી છે. પેન્ડિંગ ફાઈલનો નિકાલ કરવાની સાથે ફરિયાદ નિવારણ ઉપર ભાર આપવા જણાવ્યું હતું. આ સાથે કલેક્ટરશ્રીએ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન મળે તે માટે અધિકારીઓને પોતાના સ્તરેથી કામગીરી કરવા અને વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ સુચારૂ રીતે સંપન્ન થવા માટે અધિકારીઓ કર્મચારીઓના પરિશ્રમને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે સુશાસન માનાંકને સ્પષ્ટ કરતા જિલ્લા પંચાયત દ્વારા પ્રજાલક્ષી અને નવીન પહેલરૂપ યોજનાઓ-પ્રોજેક્ટની જાણકારી આપી હતી. આ પ્રસંગે જૂનાગઢ જિલ્લાની જુદી જુદી કચેરીઓની કાર્ય સફળતાને પ્રેઝન્ટેશનના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર એલ.બી.બાંભણીયા, આસિસ્ટન્ટ કલેકટર હનુલ ચૌધરી, જિલ્લા આયોજન અધિકારી આર.એમ. ગંભીર સહિત જિલ્લા વહીવટીતંત્રના ભાગરૂપ તમામ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ગામ્બિયામાં ભારતીય કફ સિરપને કારણે થયેલ મોત WHOનું જુઠાણું !!

ગામ્બિયામાં ભારતીય કફ સિરપને કારણે થયેલ બાળકોનાં કથિત મોત ઉપર ભારતે યોગ્ય રીતે જ વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને ઝાટકી નાખ્યું છે. WHOએ કોઈ ઠોસ પૂરાવા વિના જ ભારતીય દવા કંપનીઓ વિરૂધ્ધમાં જૂઠ્ઠાણું ચલાવ્યું હતું. દેખીતું છે કે તેનાથી દેશની બદનામી થઈ, પરંતુ શું હવે તેની ભરપાઈ થઈ શકશે? ઓક્ટોબરમાં બાળકોના મોતની ઘટના સામે આવી હતી અને WHOએ નામ લઈને ભારતીય કંપનીઓને નિશાનો બનાવી હતી, ભારતે પણ તાબડતોબ કાર્યવાહી કરીને એક કંપની ઉપર પ્રતિબંધ લગાવતાં તપાસ શરૂ કરી દીધી હતી. હવે તપાસમાં ખૂલ્યું છે કે ગામ્બિયામાં બાળકોનાં મોતને કફ સિરપ સાથે કોઈ સંબંધ નથી. એ સાબિત નથી થઈ શક્યું કે ભારતીય કફ સિરપના સેવનથી જ લગભગ ૭૦ બાળકોનાં મોત થયાં હતાં. દેખીતું છે કે ભારતે હવે સત્તાવાર રીતે વાંધો નોંધાવ્યો છે. WHOના નિર્દેશક ડો.રોજેરિયો ગેસ્પરને લખેલા પત્રમાં ભારતના ડ્રગ્સ કંટ્રોલર જનરલ ડો.વી.જી સોમાણીએ લખ્યું છે કે વૈશ્વિક સ્વાસ્થ્ય એકમ દ્વારા જારી નિવેદનને વૈશ્વિક મીડિયાએ ખૂબ પ્રચારિત કર્યું, જેનાથી ભારતીય દવા કંપનીઓની છબિ પર અસર પડી.

જો WHOએ જૂઠ્ઠાણું જ ચલાવ્યું છે તો ભારતે પણ આગળની કાર્યવાહી કરવી જોઈએ. WHOમાં એવા લોકો ન હોવા જોઈએ,જેઓ ભારત વિરૂધ્ધ વેરભાવ ધરાવતા હોય. ભારત દુનિયામાં દવાઓનું મોટું નિર્માતા છે અને આફ્રિકી દેશોમાં ભારતીય દવાઓની બહુ માંગ છે. ભારતીય દવાઓ કારગત જ નહીં, સસ્તી પણ હોય છે. શું WHOમાં એવાં તત્ત્વો છે, જેઓ ભારતની છબિને નુક્સાન પહોંચાડવા માંગે છે? આ તથ્યનો ઈન્કાર થઈ શકે તેમ નથી. જો કોઈ ભારતીય દવા કંપનીથી ભૂલ થઈ હોય તો તેના ઉપર કાર્યવાહી કરવી જ જોઈએ, પરંતુ કમ સે કમ કોઈ કંપની વિરૂધ્ધ અને તેને બહાને ભારત જેવા દેશ વિરૂધ્ધ જૂઠ્ઠાણાં ચલાવીને દુષ્પ્રચાર તો ન જ થવો જોઈએ. તપાસમાં એ પણ જોવા મળ્યું કે જીવ ગુમાવનારા અનેક બાળકોએ ભારતીય સિરપનું સેવન પણ નહોતું કર્યું. તે ઉપરાંત ખુદ ગામ્બિયા સરકારે પણ ગયા મહિને એ સ્પષ્ટ કરી દીધું હતું કે બાળકોના મોતને ભારતીય દવાઓ સાથે કોઈ લેવાદેવા જ ન હતી. એમાં શંકા નહીં કે WHOના આરોપને કારણે ભારતીય દવા નિર્માતા કંપની મેડેન ફાર્મા ઉપર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો અને તેની છબિ ખરાબ થઈ. જોકે WHOની છબિ પણ આ મામલે ખરડાઈ છે. કોરોના સમયે આ સંસ્થાને આપણે સંપૂર્ણ નિષ્ફળ જતાં જોઈ છે. આ સંસ્થાએ પોતાની વિશ્વસનીયતા વધારવા ઉપર કામ કરવું જોઈએ. આટલાં બાળકોનાં મોત થયાં છે, શું આ સંગઠને આગળ આવીને ઘટનાની જાતે તપાસ કરી છે? આરોપ લગાવતાં પહેલાં અને આરોપ લગાવ્યા બાદ પણ આ સંગઠને કદાચ તપાસની જરૂર ન સમજી. આ એ જ સંગઠન છે જે કોરોનાની ઉત્પત્તિ વિશે પણ સ્પષ્ટતા કરી શક્યું નથી. આ એ જ સંગઠન છે, જેણે માંડ માંડ ભારતીય કોરોના વેક્સીનને મંજૂરી આપી. આવાં સંગઠનો, કે જેમનો ભારત વિરોધી એજન્ડા વારંવાર ખુલ્લો પડી રહ્યો છે, તેનાથી કેન્દ્ર સરકારે સચેત રહેવું જોઈએ, જેથી તેમના માધ્યમથી ભારત વિરોધી ષડયંત્રો ન રચવામાં આવે.

# સહનશીલતા માનવજીવનની ઉન્નતિનો પાયો છે

સ્વભાવમાં સહનશીલતાના અભાવે મનુષ્ય હંમેશાં અધીર થઈ ઊઠે છે. એને કારણે તેનું જીવન હંમેશાં ખતરામાં રહે છે, જ્યારે એ સ્થાપિત સત્ય છે કે સહનશીલતાનો દિવ્ય ગુણ માનવ જીવનની ઉન્નતિ અને ઉત્થાનમાં સર્વાધિક સહાયક હોય છે. તેના અભાવમાં જીવનમાં ગૌરવશાળી પદની કલ્પના અધૂરી જ રહે છે. સહનશીલ લોકો જ કોઈ દુઃખ અને વિપત્તિમાં અધીર ન થતાં એ આઘાતોને સહન કરતાં જીવનપથ પર અગ્રેસર થાય છે. તેઓ પોતાના જીવનથી જન-જનને નવી પ્રેરણા અને શિખામણ પણ પ્રદાન કરતા રહે છે, જેથી બીજા લોકો પણ પોતાની અંદર આ ગુણોને ધારણ કરીને નિજ જીવન હસતાં હસતાં જીવી શકે. એક વૃક્ષ સૂર્યનો તાપ સહન કરીને જન-જનને છાયા પ્રદાન કરે છે. પ્રાણી તેની નીચે બેસીને આશ્રય મેળવે છે. સુખ અને શાંતિ પ્રાપ્ત કરે છે. વ્યગ્રતા, અશાંતિ, દુઃખ અને સંતાપથી છૂટકારો મેળવે છે. વૃક્ષની આ તપસ્યા સંતત્વની પ્રેરણાથી પરિપૂર્ણ થાય છે, જે તપસ્વી જીવનનું પ્રતીક છે. સંત તપસ્વી જીવન જીવીને પોતાની અંદર સહનશીલતાના ગુણ વિકસિત કરીને દુઃખી પ્રાણીની સમસ્યાને દૂર કરવામાં અગ્રણી ભૂમિકા નિભાવે છે. જેમ વૃક્ષ ફળોથી લદાઈને ઝૂકી જાય છે. એ જ રીતે સહનશીલ વ્યક્તિ પણ નમ્ર સ્વભાવના હોય છે. આ પ્રકારે સહનશીલ બનીને જ આપણે આપણા જીવનમાં શાંતિની સ્થાપના કરી શકીએ છીએ. સમાજમાં ફેલાઈ રહેલ અશાંતિ અને તણાવને સહનશીલતાના ગુણોથી દૂર કરવી નિશ્ચિત રૂપે સંભવ છે. આધ્યાત્મિક જીવનનો શુભારંભ સહનશીલ બનીને જ સંભવ થઈ શકે છે. સહનશીલતા પ્રસન્નતાની ફૂલઝડી છે. સહનશીલતાના ગુણોથી માનવજીવન અંતર્મુખી બને છે, જેનાથી જીવજગત વચ્ચેના સંબંધનું જ્ઞાન થાય છે. પૃથ્વી પર મનુષ્ય કેટલું કુકર્મ અને અત્યાચાર કરે છે, પરંતુ ધરતી માતા બધું સહન કરી લે છે. આપણને અન્ન અને જળ સદાય પ્રદાન કરતી રહે છે. આવો, સંકલ્પિત થઈને ધરતી માતાની સ્વચ્છતા અને શોભા વધારવા માટે આપણે સહનશીલ બનીએ.

### ગાયના છાણમાંથી બનેલા રંગથી ઈમારતો રંગવા આદેશ

# છત્તીસગઢની કોંગ્રેસ સરકારના આદેશની કેન્દ્રીય મંત્રી દ્વારા પ્રસંશા

### ૧૭ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ નીતિન ગડકરીએ ગાયના છાણમાંથી પેઈન્ટ બનાવવા યોજનાની જાહેરાત કરી હતી

રાંચી, તા.૨૪

છત્તીસગઢ સરકારે તમામ સરકારી ઈમારતોમાં ગાયના છાણમાંથી બનેલા રંગનો ઉપયોગ ફરજિયાત કરવાનો આદેશ આપ્યો છે. જેની પ્રશંસા કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કરી હતી. બંને વચ્ચેની આ વાતચીત સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર થઈ હતી. બે દિવસ પહેલા, છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે આદેશ આપ્યો હતો કે, રાજ્યની તમામ સરકારી ઈમારતોને ગાયના છાણથી બનતા રંગેથી રંગવા માટે કામ કરવું જોઈએ. તેમણે કહ્યું કે, જો આ આદેશનું પલન નહીં થાય તો કાર્યવાહી કરવામાં આવશે, તેમજ જવાબદાર અધિકારીઓને પ્રશ્ન કરવામાં આવશે. કારણ કે, સરકારે આ સંદર્ભમાં પહેલેથી જ આદેશ બહાર પાડી દીધો છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ ટ્વિટ કર્યું કે, હું છત્તીસગઢના મુખ્યમંત્રીને કે જેમણે છત્તીસગઢના સરકારી વિભાગીય અધિકારીઓને ગાયના છાણમાંથી બનાવેલા કુદરતી રંગનો ઉપયોગ કરવા આદેશ કર્યો તેમના બદલ તેમને અભિનંદન આપું છું. તેમનો આ નિર્ણય સરાહનીય અને આવકારદાયક છે. જયારે હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એમએસએમઈ મંત્રી હતો ત્યારે આની શરૂઆત કરી હતી.પ્રાકૃતિક રંગના ઉપયોગથી પર્યાવરણનું રક્ષણ તો થશે જ પરંતુ ખેડૂતોને રોજગારીની નવી તકો પણ મળશે. જેના કારણે દેશના ખેડૂતોને ફાયદો થશે.

છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે તેમના જવાબમાં કહ્યું કે, તમારો ખૂબ ખૂબ આભાર! પ્રિય નીતિન ગડકરી, છત્તીસગઢ સરકારના આ કર્મયોગને ફકત કર્મયોગી જ સમજી શકે છે. માત્ર શબ્દોથી જ નહીં, પણ સારા ઈરાદાથી દેશ અને રાજય બીજાઓ માટે પ્રેરણારૂપ બને છે. ગાય અને મજૂરને આદર આપવો એ જ ગાંધીનો માર્ગ છે. અમે તેના પર આગળ વધી રહ્યા છીએ. ૧૭ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ તત્કાલિન કેન્દ્રીય સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ પ્રધાન નીતિન ગડકરીએ ગાયના છાણમાંથી પેઈન્ટ બનાવવાની યોજનાની જાહેરાત કરી હતી. ખાદી અને ગ્રામોદ્યોગ આયોગના અધ્યક્ષ વિનય કુમાર સક્સેનાએ માર્ચ ૨૦૨૦માં તેની કલ્પના કરી હતી. પાછળથી જયપુરની કુમારપ્પા નેશનલ હેન્ડમેડ પેપર ઈન્સ્ટિટ્યૂટએ તેને વિકસાવ્યું. આ કેટેગરીની પ્રથમ પેઈન્ટ ૨૦૨૧ માં લોન્ચ કરવામાં આવી હતી.

### પાકિસ્તાન દ્વારા રચવામાં આવેલા ષડયંત્રની તપાસ

# જમ્મુ-કાશ્મીરમાં ૧૬ થી ૧૭ જગ્યાઓ ઉપર NIAના દરોડા

### ટીમ એવા લોકોના ઘરો ઉપર દરોડા પાડી રહી છે જેમના નામ ભારત વિરૂધ્ધ કાવતરૂ ઘડનારામાં સામે આવ્યા હતા

જમ્મુ-કાશ્મીર, તા.૨૪

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી ભારત વિરૂધ્ધ પાકિસ્તાન દ્વારા રચવામાં આવેલા ષડયંત્રની તપાસ કરી રહી છે.

આ દરમિયાન તપાસ એજન્સીએ જમ્મુ-કાશ્મીરમાં દરોડા પાડ્યા છે. એનઆઈએએ જમ્મુ-કાશ્મીરમાં ૧૬ થી ૧૭ જગ્યાઓ પર દરોડા પાડ્યા છે. જમ્મુમાં ૧ જગ્યાએ અને શ્રીનગરમાં બાકીના દરોડા પાડવામાં આવી રહ્યા છે. એનઆઈએની ટીમ એવા લોકોના ઘરો પર દરોડા પાડી રહી છે જેમના નામ ભારત વિરુદ્ધ કાવતરું ઘડનારામાં સામે આવ્યા હતા.

એનઆઈએની ટીમે ૨૧ ડિસેમ્બરે હરિયાણાના સિરસામાં પણ દરોડા પાડ્યા હતા. એજન્સીએ આ દરોડા ભારત અને વિદેશમાં સ્થિત આતંકવાદીઓ, ગેંગસ્ટરો અને હથિયાર સપ્લાયર્સ વચ્ચેની સાંઠગાંઠ સામે પાડ્યા હતા. આ સિવાય નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ ૧૦ ડિસેમ્બરે દક્ષિણ કાશ્મીરમાં લશ્કરના ૪ આતંકીઓને લઈને એક પોસ્ટર બહાર પાડ્યું હતું અને પોસ્ટરમાં દેખાડવામાં આવેલા આતંકવાદીઓ પર ૧૦ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું.

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ અગાઉ ઓક્ટોબર મહિનામાં પણ જમ્મુ-કાશ્મીરના કેટલાક જિલ્લાઓમાં દરોડા પાડ્યા હતા.

તપાસ એજન્સીએ જમ્મુ, શ્રીનગર, પુલવામા, રાજૌરી, પુંછ, બડગામ, શોપિયાં સહિત અનેકસ્થળોની તપાસ કરી હતી. જમ્મુ અને કાશ્મીરમાં અલ હુદા એજ્યુકેશનલ ટ્રસ્ટની શંકાસ્પદ ગતિવિધિઓ અને ટેરર ફંડિંગ સંબંધિત બાબતોને લઈને આ કાર્યવાહી કરવામાં આવી હતી.

એનઆઈએના અધિકારીઓએ પોલીસ અને સીઆરપીએફ સાથે મળીને આ ટ્રસ્ટ સાથે જોડાયેલા લોકોના ઘરની તલાશી લીધી હતી.

### દેશના અનેક વિસ્તારોમાં વધતી ઠંડી

# દેશના અનેક રાજ્યોએ ઠંડીને લીધે શાળાઓનો સમય બદલ્યો

### યુપી, પંજાબ સહિતના રાજ્યોમાં સ્કુલનો સમય બદલાયો

નવી દિલ્હી, તા.૨૪

કડકડતી ઠંડી અને ધૂમ્મસના કારણે શાળાના વિદ્યાર્થીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. જેના કારણે સ્કુલનો સમય બદલવામાં આવી રહ્યો છે. આનાથી એકબાજુ સ્કુલના બાળકોને રાહત મળશે અને ગાઢ ધૂમ્મસના કારણે થતા સ્કુલ બસોના અકસ્માતમાં પણ ઘટાડો આવશે. યુપી, પંજાબ સહિતના અમુક રાજ્યોમાં સ્કુલનો સમય બદલાઈ ગયો છે. પંજાબમાં સ્કુલ સવારે ૧૦ વાગ્યાથી શરૂ થશે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ૨૦ ડિસેમ્બર ૨૦૨૨એ આ નિર્ણય લઈ લીધો હતો. દિલ્હીની સ્કુલોમાં વિન્ટર વેકેશનના કારણે ૧ જાન્યુઆરીથી ૧૨ જાન્યુઆરી ૨૦૨૩ સુધી ધોરણ ૧થી ૮ માં સુધીની સ્કુલ બંધ રહેશે.

ગૌતમબુદ્ધ નગરમાં ઠંડી અને ધૂમ્મસના કારણે સ્કુલ ખુલવાના સમયમાં પરિવર્તન કરવામાં આવ્યુ છે. જિલ્લાધિકારી તરફથી જારી આદેશ અનુસાર અહીં સવારે ૯ વાગ્યાથી સ્કુલનું સંચાલન કરવામાં આવશે. જો આ સમય પહેલા સ્કુલ ખોલવામાં આવશે તો તેમની પર કાર્યવાહી કરવામાં આવશે. આ આદેશ ૨૨ ડિસેમ્બરથી લાગુ છે. ગાઝિયાબાદમાં ૨૧ ડિસેમ્બર બુધવારથી જ સ્કુલો ખુલવાના સમયમાં પરિવર્તન કરી દેવાયુ હતુ. ગાઝિયાબાદમાં તમામ બોર્ડના ૧થી લઈને ૧૨ ધોરણ સુધી સ્કુલ સવારે ૯ વાગ્યાથી ખુલી રહી છે. લખનૌમાં પણ ૨૨ ડિસેમ્બરથી સ્કુલના સમયમાં પરિવર્તન કરવામાં આવ્યુ છે. ધોરણ ૧થી ૮ માં ધોરણ સુધીની સ્કુલના સમય પરિવર્તન કરવામાં આવ્યુ છે. આ સ્કુલ સવારે ૧૦ વાગ્યાથી ૩ વાગ્યા સુધી સંચાલિત કરવામાં આવશે. વારાણસીમાં તમામ સ્કુલ સવારે ૧૦ વાગ્યાથી સંચાલિત કરવામાં આવશે જ્યારે ૩ વાગ્યા સુધી તમામ સ્કુલ બંધ કરી દેવામાં આવશે. અયોધ્યામાં સ્કુલના બાળકોની અનુકૂળતાને ધ્યાનમાં રાખતા સ્કુલ ૧૦ વાગ્યાથી ૩.૩૦ વાગ્યા સુધી સંચાલિત કરવામાં આવશે. આ રીતે અમેઠી, કાસગંજ, આગ્રા અને મઉમાં સ્કુલનો સમય બદલી દેવાયો છે.

### કોંગ્રેસે જૂની પેન્શન સ્કિમ લાગુ કરવાનું વચન આપ્યું હતું

# હિમાચલપ્રદેશમાં ઓપીએસ લાગુ કરવા રાજયએ કેન્દ્રની મદદ માગી

### હિમાચલમાં ઓપીએસને લાગૂ કરવા માટે કેન્દ્ર તરફથી આર્થિક મદદની જરૂર હોવાનું કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે કહ્યું

શિમલા, તા.૨૪

હિમાચલ પ્રદેશમાં તાજેતરમાં પૂર્ણ થયેલી ચૂંટણીમાં કોંગ્રેસની જીત થઈ હતી. આ ચૂંટણી દરમિયાન કોંગ્રેસ રાજ્યની જનતાને જૂની પેન્શન સ્કીમ (ઓપીએસ) ફરીથી લાગુ કરવાનું વચન આપ્યું હતું. કોંગ્રેસના આ વચને તેની જીતમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. આ જીત બાદ કોંગ્રેસ તરફથી સુખવિંદર સિંહ સુક્ખૂને હિમાચલ પ્રદેશમાં મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. હવે સુક્ખૂની જવાબદારી છે કે તેઓ જનતાને આપલા વચન પૂરા કરે. તેમણે ભલે પ્રથમ કેબિનેટમાં ઓપીએસ અંગે નિર્ણય લેવાની કરી હોય પરંતુ કોંગ્રેસના ધારાસભ્યો ભંડોળના અભાવની વાત કરી રહ્યા છે. કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ પ્રતિભા સિંહના પૂત્ર અને શિમલા ગ્રામીણના ધારાસભ્ય વિક્રમાદિત્ય સિંહનું કહેવું છે કે હિમાચલ પ્રદેશમાં ઓપીએસને લાગૂ કરવા માટે કેન્દ્ર તરફથી આર્થિક મદદની જરૂર છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પહાડી રાજ્યને વિશેષ મદદ આપવાની અપીલ કરી છે. મળતી માહિતી મુજબ, વિક્રમાદિત્ય સિંહે કહ્યું હતું કે, 'હિમાચલ પ્રદેશને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે કેન્દ્ર સરકારના સમર્થનની જરૂર પડશે. ઓપીએસ લાગૂ કરવા માટે અમને કેન્દ્ર સરકાર પાસેથી નાણાકીય સહાયતાની જરૂર પડશે. હું વડાપ્રધાન અને તેમની સરકારને રાજ્ય પ્રત્યે ઉદારતા બતાવવાની વિનંતી કરુ છું.' કોંગ્રેસ ધારાસભ્યે વડાપ્રધાન મોદી અને હિમાચલ પ્રદેશના નવા મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુક્ખુ વચ્ચે સકારાત્મક સંબંધોની પણ આશા વ્યક્ત કરી હતી. તેમણે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયી અને તેમના પિતા વીરભદ્ર સિંહ વચ્ચેના સંબંધોનો ઉલ્લેખ કર્યો હતો.

# સારવારમાં બેદરકારીના કારણે ૭૪ પેલેસ્ટીની કેદીઓનાં મોત

ઈઝરાયલ, તા.૨૪ : ૧૯૬૭થી આરોગ્ય બેદરકારીના પરિણામ સ્વરૂપ ઈઝરાયેલી જેલોમાં કેદ ૭૪ પેલેસ્ટીની કેદીઓના મોત થયા છે. પ્રથમ બેથલહેમથી ખલીલ અલ-રશેદા હતા જેમનું ૧૯૬૮માં હાર્ટઅટેકથી મોત થયું હતું અને તેમને જરૂરી સારવાર આપવામાં આવી હતી. નવીનતમ શિકાર જેનું કાલે મૃત્યુ થયું તે અલ-અમરી કેમ્પના નાસિર અબુ હામીદ હતા. કેન્સરથી લાંબી લડાઈ પછી તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા, જ્યાં ઈઝરાયેલી જેલ સેવાઓએ સારવાર માટે તેમની પહોંચમાં વિલંબ કર્યો હતો. કબજા અદાલતે તેમના બગડતા આરોગ્યને જોતા તેમને જલ્દી મુક્ત કરવાનો આગ્રહ નકારી કાઢ્યો. પેલેસ્ટીની કેદીઓની ક્લબ મુજબ લગભગ ૬૦૦ માંદા કેદીઓને કબજાવાળી જેલોમાં રાખવામાં આવ્યા છે. જેમાથી ૨૦૦ જૂના રોગોથી પીડિત છે. ૨૪ કેદી કેન્સર અને ટ્યુમરથી પીડિત છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

શ્યામ ઈતના ન દીજીએ, જામે કુટુંબ સમાય,
મૈ ભી ભૂખા ન રહું સાધુ ભી ભૂખા ન જાય.

- કબીરજી

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૪, પા.અમરદાદ-૧૩૯૨, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, પોષ સુદ-૧ ચંદ્રદર્શન તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૨, શનિવાર, પારસી તા.૧૧, મુસ્લિમ તા.૨૯, પૂર્વાષાઢા નક્ષત્ર, વૃધ્ધિ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૩૦, સૂ.અ.૬:૧૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ ધ ફ ઢ), રાત્રે ૩:૩૨ ક. પછી જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : માનસિક તાણ હળવી બને. પરૂષાર્થનું ફળ મળે.
વૃષભ: મહત્વના નિર્ણયો અમલનમાં ન મૂકવા હિતાવહ.
મિથુન: વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.
કર્ક : મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
સિંહ: વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.
કન્યા: મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન સામાચાર લાભદાયી રહે.
તુલા : દિવસ દરમિયાન હળવાશ અનુભવાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃશ્ચિક : આકસ્મીક ધનલાભના યોગ. પુરૂષાર્થથી શુભ ફળ મેળવી શકશો.
ધન : વ્યર્થ ચિંતામાં દિવસ વ્યતિત થાય. ધારેલા કાર્યોમાં અચાનક રૂકાવટ આવે.
મકર : જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.
કુંભ : આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.
મીન : મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

# ક્ષમા - નાતાલનો સંદેશ

૨૫મી ડિસેમ્બરને નાતાલ કે ક્રિસ્ટમસ તરીકે ઓળખવામાં આવે છે. નાતાલ એ ક્રિશ્ચયન લોકોનો બહુ મોટો તહેવાર છે. નાતાલના દિવસે ક્રિશ્ચયન લોકો નવા વસ્ત્રો તથા અલંકારોથી શણગાર કરે છે, પોતાના ઘરોની સાફ સફાઈ કરી ઘર સુસજ્જ કરે છે, ઘરના આંગણામાં રંગોળી પૂરે છે અને રાત્રે પોતાના ઘરોમાં રંગબિરંગી રોશની તથા રંગીન તારા વિગેરેથી સજાવટ કરે છે. ખ્રિસ્તી ધર્મના આદ્ય સ્થાપક ઈશુ ખ્રિસ્તના માનમાં નાતાલનું પર્વ મનાવવામાં આવે છે. ઈશુ ખ્રિસ્તને ઘણાં લોકો જીસસ ક્રાઈસ્ટ તરીકે અને ઘણાં લોકો ઈશા મસીહ તરીકે પણ ઓળખે છે. ઈશુ ખ્રિસ્તનો જન્મ ૨૫મી ડિસેમ્બરના રોજ જેરૂસલેમના બેથલેહેમ ગામમાં એક ગમાણમાં માતા મેરીની કૂખે થયો હતો. એવું કહેવાય છે કે, ઈશુ જન્મ્યા તે વખતે ગમાણમાં દિવ્ય પ્રકાશ ફેલાઈ ગયો હતો અને તેથી જ ખ્રિસ્તી સમૂદાય પ્રકાશ તથા રોશનીને વધારે પ્રાધાન્ય આપે છે. ઈશુના પિતાજીનું નામ જોસેફ હતું. ઈશુ જન્મથી જ દિવ્ય અને અલૌકિક શક્તિઓ ધરાવતા હતા. જીસસ ક્રાઈસ્ટે ખ્રિસ્તીઓના પવિત્ર ગ્રંથ બાઈબલની રચના કરી હતી. બાઈબલ મૂળ તો હિબ્રુ ભાષામાં લખાયું હતું, પરંતુ ખ્રિસ્તી ધર્મના ફેલાવા સાથે, ધીમે ધીમે દુનિયાની તમામ ભાષાઓમાં બાઈબલનો તરજુમો (અનુવાદ) થઈ ગયો છે કે જેથી ખ્રિસ્તી ધર્મ પાળતો દરેક વ્યક્તિ આસાનીથી બાઈબલનું પઠન કરી શકે. નાતાલનો સંદેશો ક્ષમા સાથે જોડાયલો છે. કોઈ વ્યક્તિનો અપરાધ ક્ષમા કરવો એ બહુ મહાન બાબત છે. ઈશુ ખ્રિસ્ત હંમેશા કહેતાં કે, કોઈ વ્યક્તિથી જાણેઅજાણે કોઈ ગુનો, અપરાધ કે ભુલ થઈ ગઈ હોય અને જો તમો એને દંડ કે શિક્ષા કરશો તો એ બેવડા ગુના કરશે, પરંતુ તેનો અપરાધ માફ કરી તેને ક્ષમા આપવામાં આવશે તો તેનો અંતરાત્મા જાગશે તથા તેને પશ્ચાતાપના ભાવ આવશે અને તે ફરીથી ભુલનું પુનરાવર્તન નહીં કરે. ઈશુ સાથે નીચે મુજબની એક કથા જોડાયલી છે. એક વખત એક ગામમાં અમુક ગ્રામ્યજનો ભેગાં મળીને એક વિધવા, નિઃસહાય, લાચાર અને નિરાધાર સ્ત્રીને જાહેર રસ્તા ઉપર લાવીને મોટા પથ્થારોથી મારતા હતા. તે વખતે જોગાનુજોગ ઈશા મસીહ એ રસ્તેથી પસાર થતાં હતા. પેલી નિરાધાર બાઈ ઈશા મસીહને કરગરવા લાગી "મને બચાવો, આ લોકો મને પથ્થારો મારીને મારી નાંખશે". ઈશુએ ગ્રામ્યજનોની પૃચ્છા કરી કે, તમે બધા ભેગા મળીને શા કારણે, આ નિરાધાર બાઈને મારો છો, એનો અપરાધ શું છે, એ મને જણાવો. ગ્રામજનો બોલ્યા કે, આ સ્ત્રી કુલટા છે, હલકા અને ભ્રષ્ટ ચારિત્ર્યની છે, તે આ ગામમાં રહેવાને લાયક નથી. તે વખતે પ્રભુ ઈશુએ ગંભીર મુખમુદ્રા ધારણ કરીને તમામ ગ્રામ્યજનોને પૂછ્યું કે, આ સ્ત્રી આવા ગંદા કામ કેમ કરે છે એ જાણવાની તમારામાંથી કોઈએ તસ્દી લીધી છે ખરી ? તમો એ ક્યારેય આ બેહાલ સ્ત્રીને બે પૈસાની મદદ કરી છે ખરી? કઈ મજબૂરી એને આવું હીનકૃત્ય કરવા પ્રેરે છે, એ બાબતનો વિચાર સુધ્ધાં કર્યો છે ખરો ? તમો જયારે એને કોઈ મદદ નથી કરી શકતા તો એને દંડ દેવાનો તમોને કોઈ હક્ક કે અધિકાર નથી. બીજુ તમો બધા એમ સમજતા હોય કે, આ બાઈ પાપિણી અને દુરાચારિણી છે તો તમારામાંથી મને એક માણસ એવો બતાવો કે એણે એના જીવનમાં કોઈ પાપ ના કર્યુ હોય કે જાણેઅજાણે કોઈ ગુનો કે અપરાધ ના કર્યો હોય. આ સાંભળી બધા શરમિંદા થઈને નતમસ્તક ઉભા રહી ગયાં. ઈશુ ખ્રિસ્ત અહીં બહુ સરસ બોલ્યાં કે "**First clean your mind and then justice others**" મતલબ કે, પહેલાં તમે પોતે તમારૂ મન સાફ કરો અને પછીથી બીજાનો ઈન્સાફ કરો. ઈશુ ખ્રિસ્તના આવા માયાળુ સ્વભાવ અને વિચારશરણીથી પ્રેરાઈને ધીમેધીમે લોકો બહોળા પ્રમાણમાં એમના અનુયાયીઓ બનવા લાગ્યા હતા. આથી રોમન સમ્રાટ હેરોદ બહુ ક્રોધે ભરાયો હતો એથી ઈશુને સજા આપવાના ભાગ રૂપે એમના માથા ઉપર કાંટાળો તાજ પહેરાવીને, લાકડાના વધસ્તંભ ઉપર હાથે અને પગે લોખંડના મોટા ખીલા મારીને, માનવતા નેવે મૂકીને ભયંકર ક્રૂરતા આચરી હતી. આટલો બધો અસહ્ય જુલમ સહેવા છતાં પણ પ્રભુ ઈશુએ પ્રાર્થના કરી કે, હે પ્રભુ તું આ લોકોના ગુનાને માફ કરી દે અને કોઈ સજા કરીશ નહીં, તેઓને ક્ષમા બક્ષજે. આમ આવા અવતારી દિવ્યાત્માઓ, પોતાના જ્ઞાન થકી લોકહૃદયે વસવાનું અને લોકોને સાચી રાહ ઉપર લાવવાનું માધ્યમ બને છે. આમ નાતાલનું પર્વ ક્ષમા સાથે સંકળાયલુ છે.

**- યોગેશ આર. જોશી, હાલોલ**

રીજીયોનલ સાયન્સ સેન્ટર – રાજકોટ ખાતે

# "રાષ્ટ્રીય કિસાન દિવસ"ની ઉજવણી નિમિત્તે ખેતીવાડી ક્ષેત્રે લેટેસ્ટ ડ્રોન ટેકનોલોજીની સમજણ અને નિદર્શનનું આયોજન કરીને મનાવવામાં આવ્યું





(પંકજ ઝીબા દ્વારા)
રાજકોટ, તા.૨૪

ભારતમાં રાષ્ટ્રીય કિસાન દિવસ દર ૨૩ મી ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. આ દિવસ ભારતના પાંચમાં પ્રધાનમંત્રીશ્રી ચૌધરી ચરણ સિંહનાં જન્મદિવસ પર મનાવવામાં આવે છે. તેઓ એક ખેડૂત નેતા હતા જેઓએ ભારતના ખેડૂતોનાં જીવનને વધુ સારું બનાવવા માટે ઘણી બધી નીતિઓની શરૂઆત કરી. રાષ્ટ્રીય કિસાન દિવસને વિવિધ કાર્યક્રમો, ચર્ચા-વિચારણાઓ, સભાઓ, પ્રશ્નોત્તરી, સ્પર્ધાઓ, ચર્ચાઓ, કાર્યશાળાઓ, પ્રદર્શનીઓ, નિબંધ લેખન પ્રતીઓગીતાઓ જેવા કાર્યોનું આયોજન કરીને મનાવવામાં આવે છે. આ દિવસ નિમિત્તે રીજીયોનલ સાયન્સ સેન્ટર– રાજકોટ દ્વારા ખેતીવાડી ક્ષેત્રે લેટેસ્ટ ડ્રોન ટેકનોલોજીની સમજણ અને નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું. આ નિદર્શન રાજકોટની 'ઈન્નોવેટિવ અનમેન્ડ સિસ્ટમ્સ' કંપનીના ફાઉન્ડર શ્રી ગર્વિત પંડ્યા દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમ માં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુલાકાતીઓ હાજર રહ્યા. ગુજરાત સરકાર દ્વારા વિજ્ઞાન અને પ્રોધ્યોગિકી વિભાગના નેજા હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (ગુજકોસ્ટ) દ્વારા રીજીયોનલ સાયન્સ સેન્ટર- રાજકોટ ખાતે રાષ્ટ્રીય કિસાન દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે રાજકોટસ્થિત વિવિધપ્રકારના એગ્રીકલ્ચર ડ્રોન બનાવતી ઈનોવેટીવ અનમેન્ડ સીસ્ટમ કંપનીના સ્થાપક શ્રી ગર્વિત પંડ્યા હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના પ્રોજેક્ટ ડીરેક્ટરશ્રી દ્વારા મુખ્ય અતિથીશ્રીને તુલસી છોડ આપી આવકારવામાં આવ્યા હતા.

કાર્યક્રમના શરૂઆતમાં શ્રી પંડ્યાએ પોતાના બનાવેલા સામાન્ય ડ્રોનથી લઈને આધુનિક ડ્રોન સુધીની માહિતી, ડીઝાઈન અને એમના અલગ અલગ ક્ષેત્રે થતા વપરાશ ઉપર એકનાનું પ્રેઝન્ટેશન આપવામાં આવેલ હતું. તેઓએ પોતાના વ્યાખ્યાનમાં જણાવેલ કે ભારતના ખેડૂતો ટેક્નોસેવી બની રહ્યા છે અને એગ્રીકલ્ચર ક્ષેત્રમાં ડ્રોન જેવી આધુનિક તકનીકો દ્વારા જંતુનાશક નો છંટકાવ, પાકનું સર્વેલન્સ તેમજ ખેતરમાં ખાતર અને પાણીનો છંટકાવ જેવી પ્રવૃતિઓ અપનાવી રહ્યા છે. શ્રી પંડ્યાએ સ્વ-લિખિત બેઝીક ડ્રોનની માહિતી આપતી પુસ્તક પણ રજુ કરી હતી અને કાર્યક્રમના અંતે તેઓએ આધુનિક ટેકનોલોજી ઉપર આધારિત એક જંતુનાશક દવાના છંટકાવ માટે ઉપયોગમાં લેવામાં આવતા ડ્રોનનું લાઈવ પ્રદર્શન કરી બતાવ્યું આવ્યું હતું. આ કાર્યક્રમનો વિવિધ સ્કુલના આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુલાકાતીઓએ લાભ લીધો હતો.

ભારત-ચીન મુદ્દે સરકારે સત્તાવાર નિવેદન આપ્યું નથી

# સરકાર, જે ક્યારેય સાંભળતી નથી, અચાનક સંમત થઈ : જયરામ રમેશ

## કોવિડ-૧૯ નો ઉપયોગ ભારત જોડો ને બદનામ કરવા અને તેને ગેરમાર્ગે દોરવા માટે કરી શકે છે : કોંગ્રેસ નેતા

નવી દિલ્હી, તા.૨૪

સંસદનું શિયાળુ સત્ર આજના રોજ સમાપ્ત થઈ શકે તેવી શક્યતા છે. મળતા અહેવાલ અનુસાર, આજે બપોરે બંને ગૃહોની કાર્યવાહી અનિશ્ચિત સમય માટે સ્થગિત કરવામાં આવી શકે છે. ગઈ કાલે ચીનના મુદ્દે સંસદના બંને ગૃહોમાં ધમાલ થઈ હતી અને કાર્યવાહી થોડા સમય માટે સ્થગિત કરવામાં આવી હતી. ભારત-ચીન મુદ્દે સરકાર તરફથી કોઈ સત્તાવાર હાલ સુધી નિવેદન આપવામાં આવ્યું નથી. એવામાં મળતા અહેવાલો એવું બતાવી રહ્યા છે કે, સરકારે પણ નિર્ધારિત સમય પહેલા સત્ર સમાપ્ત કરવાનું મન બનાવી લીધું છે. સરકાર તરફથી નિવેદન મળ્યું હતું કે, વિપક્ષી દળોએ નાતાલના કારણે સત્રાનો સમયગાળો ઘટાડવા અને ક્રિસમસ પહેલા તેને સમાપ્ત કરવાની માંગ કરી હતી.

બીજી તરફ સંસદમાં ચીનના મુદ્દા પર ચર્ચા માટે સરકાર અને વિપક્ષ વચ્ચેનો ઘર્ષણ ઓછુ થઈ રહ્યું નથી. ગઈકાલે પણ આ મુદ્દે બંને ગૃહોમાં ભારે હોબાળો થયો હતો અને લોકસભામાં લગભગ કોઈ કામકાજ થયું ન હતું. બીજી તરફ, બે સૌથી મોટી વિપક્ષી પાર્ટીઓ કોંગ્રેસ અને તૃણમૂલ કોંગ્રેસે ટ્વિટ કરીને જાહેર દાવો કર્યો છે કે, શુક્રવારે એટલે કે આજે જ સંસદનું સત્ર તેના નિર્ધારિત સમય પહેલા સમાપ્ત થઈ જશે.

કોંગ્રેસના મીડિયા પ્રભારી અને વરિષ્ઠ નેતા જયરામ રમેશે દાવો કર્યો કે શિયાળુ સત્ર વહેલું સમાપ્ત થશે, તેને તેમની પાર્ટીની 'ભારત જોડો યાત્રા' સાથે જોડ્યું. રમેશે ગઈ કાલે ટ્વીટ કર્યું હતું કે, કાલે સવારે ૧૧:૩૦ વાગ્યે સંસદ સ્થગિત કરવામાં આવશે. આ વિરોધ પક્ષોની લાંબા સમયથી માંગણી હતી કારણ કે ઘણા બિલો પસાર થવાના ન હતા. મોદી સરકાર, જે ક્યારેય સાંભળતી નથી, અચાનક સંમત થઈ ગઈ જેથી તે કોવિડ-૧૯ નો ઉપયોગ ભારત જોડો ને બદનામ કરવા અને તેને ગેરમાર્ગે દોરવા માટે કરી શકે છે.

# બિલ્કીસબાનો કેસ : સજા માફી સમિતિએ કરેલી નોંધો જાહેર કરવા ગુજરાત સરકારનો ઈન્કાર

અમદાવાદ, તા.૨૪

વર્ષ ૨૦૦૨ના બિલ્કીસબાનો ગેંગરેપ કેસમાં ૧૧ દોષિતોને સમય પહેલા માફી આપવા અંગેની કમિટી દ્વારા કરવામાં આવેલી ભલામણોની નોંધો જાહેર કરવા ગુજરાત સરકારે ઈન્કાર કરી દીધો હતો. માહિતી અધિકારના કાયદા (આરટીઆઈ) હેઠળ અરજી કરી ગુજરાત સરકાર સમક્ષ માગણી કરવામાં આવી હતી કે કમિટી દ્વારા કરવામાં આવેલી નોંધો (ફાઈલ નોટિંગ્સ)ને જાહેર કરવામાં આવે. અમદાવાદ સ્થિત આરટીઆઈ કાર્યકર્તા પંક્તિ જોગે બિલ્કીસબાનો કેસના દોષિતોને સમય પહેલા સજા માફી આપવા અંગે કરવામાં આવેલા સૂચનો અંગે પૂછ્યું હતું. આ કેસના ૧૧ કસૂરવારો ગુજરાતની જેલમાં સજા ભોગવી રહ્યા હતા. આ

કમિટીએ કઈ રીતે કામગીરી કરી, તેના મિનિટ્સ શું હતા, છોડી મૂકવામાં આવેલા કેદીઓના નામો તેમજ સજા માફી અંગે નિમાયેલી કમિટી દ્વારા શું નોંધો કરવામાંઆવી હતી, તે તમામ બાબતો અંગે આરટીઆઈ હેઠળ ગુજરાત સરકાર પાસે જવાબ માંગવામાં આવ્યો હતો. અત્રે નોંધનીય છે કે, આઝાદી કા અમૃત મહોત્સવના ભાગરૂપે સરકારે નક્કી કર્યું હતું કે, ઓગસ્ટ ૨૦૨૨, જાન્યુઆરી ૨૦૨૩ અને ઓગસ્ટ ૨૦૨૩ના ત્રણ તબક્કામાં કેટલાક કેદીઓને આઝાદ કરવામાં આવશે, એમ આરટીઆઈ કાર્યકર્તા પંક્તિ જોગીએ જણાવ્યું હતું. બિલ્કીસબાનો કેસના કસૂરવારોને સમય પહેલા છોડી મૂકવા અંગે ખુલાસો માંગતા આરટીઆઈ હેઠફ કરાયેલી અરજીના સંદર્ભમાં ગુજરાત સરકારના ગૃહ વિભાગ દ્વારા ઠરાવોની નકલો તેમજ સજા માફીસમિતિની રચના અંગેના દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા. આરટીઆઈ કાર્યકર્તા પંક્તિ જોગના જણાવ્યા મુજબ, આરટીઆઈ હેઠફ ૨૦ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ અરજી દાખલ કરવામાં આવી હતી. જેનો જવાબ નવેમ્બર ૨૦૨૨માં આપવામાં આવ્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, ૧૩/૫/૨૦૨૨ના રોજ જાહેર કરાયેલા જાહેરનામા મુજબ, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ, સચિવ, સભ્ય તરીકે ગૃહ વિભાગ, પોલીસ વડા અને જેલ વિભાગના આઈજીનો સભ્ય તરીકે સમાવેશ કરી સજા માફી અંગેની સમિતિ બનાવવામાં આવી હતી. આ જાહેરનામામાં જણાવવામાં આવ્યું હતું કે, સજા માફી અંગે જે સમિતિ બનાવવામાં આવી છે, તે એ વાત તપાસસે કે શું કેદીઓ સજા માફી અંગેના માપદંડો પર ખરા ઉતરે છે કે નહીં. તેમજ તેમના દ્વારા રાજ્યપાલને માફી અંગે ભલામણો કરવામાં આવશે. ચોક્કસ કેસોમાં રાજ્યપાલને સજામાં ઘટાડો કરવા અથવા સજા ઘટાડવા માટેની સત્તા મફેલી છે. સરકારે જણાવ્યું હતું કે, નિર્ણય ૧૩ મે, ૨૦૨૨ના ઠરાવ મુજબ લેવામાં આવ્યો છે.

# સૌરાષ્ટ્રના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલનો મહત્વનો નિર્ણય

## નર્મદાના નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરાશેઃ કૃષિ મંત્રી રાઘવજી પટેલ સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જિલ્લાના જળાશયો ભરાતાં ખેડૂતોને રવી પાક માટે પૂરતુ પાણી મળી રહેશે : ખેડૂતોના હિતલક્ષી નિર્ણય માટે મુખ્યમંત્રીનો આભાર માનતાં કૃષિ મંત્રી

ગાંધીનગર, તા.૨૪

કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે જણાવ્યું છે કે,ખેડૂતોના હિતને વરેલી રાજય સરકારે ખેડૂતોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ બનાવવા સતત પ્રયત્નશીલ છે.જેના ભાગરૂપે સૌરાષ્ટ્રના ખેડૂતોના હિતમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે નર્મદાના નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયો ભરવાનો મહત્વનો નિર્ણય કર્યો છે.સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જિલ્લાના જળાશયો ભરાતાં ખેડૂતોને પાક માટે પૂરતુ પાણી મળી રહેશે. મંત્રી શ્રી પટેલે ઉમેર્યું કે,રાજય સરકાર દ્વારા સૌની યોજના દ્વારા નર્મદા નદીમાં આવતાં પૂરના વધારાના પાણીને સૌરાષ્ટ્ર ના વારંવાર પાણીની જરૂરીયાતવાળા જિલ્લાઓના ૧૧૫ જળાશયો ભરીને ૯૭૦ કરતાં વધુ ગામોના વિસ્તારમાં સિંચાઇ સુવિધા સુદ્રઢ બનાવવા અને પીવાના પાણીના પ્રશ્નનું નિરાકરણ લાવવાનું આયોજન કર્યું છે.


કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા આ વર્ષે સૌરાષ્ટ્રના ખેડૂતોની જરૂરીયાતનું આંકલન કરીને નર્મદા નદીનું પાણી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના જળાશયોમાં ભરવામાં આવે તે માટેનું આયોજન હાથ ધરાયું છે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને જળસંપત્તિ મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયા સમક્ષ પરામર્શ કરીને સૌરાષ્ટ્રના જળાશયો માટે પાણીની જરૂરીયાત સંદર્ભે માંગણી કરી હતી. જેને ધ્યાને લઈ, હકારાત્મક પ્રતિસાદ આપતાં સૌરાષ્ટ્રના ખેડૂતોના વ્યાપક હિતમાં મુખ્યમંત્રી શ્રી એ આ મહત્વનો નિર્ણય કર્યો છે. તેમણે કહ્યું કે સૌની યોજના લીંક-૧, ૨, ૩ અને ૪ મારફત પથરેખામાં આવતાં તળાવ,ચેકડેમ,જળાશય ભરવા માટે મંજુરી આપવામાં આવી છે.આ નિર્ણયથી ૧,૫૨,૪૦૦ લાખ ઘનફુટ પાણીનો જથ્થો સૌરાષ્ટ્રના જળાશયોમાં ભરવામાં આવશે, જેનાથી અંદાજીત અઢી લાખ એકર વિસ્તારને સિંચાઈનો ફાયદો થશે. રાજય સરકારના ખેડૂત હિત લક્ષી આ નિર્ણયથી આ વિસ્તારના ખેડૂતોને રવિ પાક માટે પૂરતા પ્રમાણમાં પાણીની સુવિધા પ્રાપ્ત થઈ શકશે.

તેમણે ઉમેર્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી શ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી એ સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લાને નર્મદાના નીર આપવાનું સપનું સેવ્યું હતું તે આજે પરિપૂર્ણ થયું છે જેના પરિણામે આ વિસ્તારના ખેડૂતો ખુશખુશાલ થયા છે. તેમણે ઉમેર્યું કે,આ નિર્ણયથી સૌરાષ્ટ્રના ૧૦ જીલ્લા મોરબી, રાજકોટ, જામનગર, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જુનાગઢ, ભાવનગર, ગીર સોમનાથ અને અમરેલી જીલ્લાના જળાશયોમાં નર્મદાનું પાણી ભરવામાં આવશે. જેનાથી સૌરાષ્ટ્રના આ જીલ્લાના ખેડૂતોની રવિ પાકની સિંચાઈ ક્ષમતામાં ખૂબ જ મોટો વધારો થશે.

રાજય સરકારના ખેડૂત હિતલક્ષી આ નિર્ણય બદલ કૃષિ મંત્રીશ્રી રાઘવજી ભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને જળસંપતિ મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળીયા, રાજયકક્ષાના જળસંપતિ મંત્રીશ્રી મૂકેશભાઇ પટેલનો આભાર વ્યકત કર્યો છે.

મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં નાગપુર ભૂમિ ફાળવણી મામલાને લઈ ભારે હંગામો

# નાગપુરમાં વિરોધ પક્ષોના સભ્યોએ મુખ્યમંત્રી એકનાથ શિંદેના રાજીનામાની માંગ કરી



નાગપુર,તા.૨૪

મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં નાગપુર ભૂમિ ફાળવણી મામલાને લઈ ભારે હંગામો થઈ રહ્યો છે અને વિરોધ પક્ષો સતત હંગામાને કારણે વિધાન પરિષદને સ્થગિત કરવામાં આવે છે. વિરોધ પક્ષોના સભ્યોએ મુખ્યમંત્રી શિંદેના રાજીનામાની માંગ કરી હતી.તેમની આ માંગ બોમ્બે હાઈકોર્ટ દ્વારા મામલા પર યથાસ્થિતિનો આદેશ આપ્યાના કેટલાક દિવસો બાદ આવી છે. વિરોધ પક્ષોનો આરોપ છે કે એપ્રિલ ૨૦૨૧માં જયારે એકનાથ શિંદે શહેરી વિકાસ મંત્રી હતા તે સમયે તેમણે આ વિવાદિત જમીનની ફાળવણી પર મહોર લગાવી હતી વિરોધ પક્ષ એમવીએ અનુસાર તે સમયે પાંચ એકર જમીન સરકારી જમીનની કીમત ૮૩ કરોડ હતી. પરંતુ પોતાના નજીકના બિલ્ડરોને શિંદેએ ફકત ૨ કરોડમાં જામીન ફાળવી દીધી વર્ષ ૧૯૬૪માં એનઆઈટીએ સકકદરા સ્ટ્રીટ યોજના તૈયાર કરી હતી આ યોજનાને વર્ષ ૧૯૬૭માં રાજય સરકારે સત્તાવાર મંજુરી આપી દીધી તેમાં તે જમીન પણ સામેલ હતી જેના પર વર્ષ ૧૯૭૫ સુધી એક ખેતર પરિવારનો કબજો રહ્યો હતો આખરે ૧૯૮૧માં આ જમીન એનઆઈટીને આપી દેવામાં આવી છે. વર્ષ ૨૦૦૪માં પબ્લિક યુટિલિટી લૈંડ તરફથી આ જમીનની ફાળવણીમાં અનિયમિતતા જણાઈ હતી ત્યારબાદ અનિલ વાડપલ્લીવારે બોમ્બે હાઈકોર્ટની નાગપુર ખંડપીઠમાં એક અરજી દાખલ કરી હતી. હાઈકોર્ટે આ મામલે સમીતી બનાવી જેમાં જણાવાયુ કે જમીનની ફાળવણી પ્રક્રિયામાં અનિયમિતતાઓ અને કાનુનો ભંગ થયો છે. ૧૪ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બોમ્બે હાઈકોર્ટની નાગપુર બેંચે ન્યાયમિત્ર આનંદ પરચુરે દ્વારા રજુ કરવામાં આવેલ રિપોર્ટ પર ધ્યાન લેતા શિંદે દ્વારા ઝુપડી નિવાસીઓ માટે રાખવામાં આવેલ જમીનને નજીકના બિલ્ડરોમને ફાળવી દેવાના નિર્ણય પર યથાસ્થિતિનો આદેશ આપ્યો આ મુદ્દા પર કાર્યવાહી શરૂ થતા જ વિરોધ પક્ષના નેતા અંબાદાસ દાનવે કહ્યું કે નાગપુર સુધાર ન્યાયે ઝુપડીઓમાં રહેતા લોકોની સારી જીંદગી માટે ૫ એકર અનામત કરી હતી પરંતુ પૂર્વ શહેરી વિકાસ મંત્રી જે હાલ વર્તમાનમાં મહાષ્ટ્રના મુખ્યમંત્રી છે એકનાથ શિંદેએ આ જમીનના ટુકડાને પોતાની નજીકના બિલ્ડરોને ફાળવણી કરી દીધી હતી. મુંબઇ હાઈકોર્ટની નાગપુર બેંચે આ જમીનને ફાળવણી કરવા પર પહેલા જ રોક લગાવી દીધી હતી આમ છતાં મુખ્યમંત્રી શિંદે જમીન ફાળવણી કરવાનો નિર્ણય લીધો જે કોર્ટના કાર્યમાં હસ્તક્ષેપ છે. જો કે જાવનેએ આ આરોપ પર ગૃહમાં થઇ રહેલ પર થઇ રહેલા હંગામાની ટીકા કરતા ભાજપના ધારાસભ્યોને કહ્યું કે દાનવે દરેક દિવસે એક મુદ્દો ઉઠાવી રહ્યાં છે જયારે રાજયના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ તેનો જવાબ આપી ચુકયા છે આ મામલાને લઈ બંન્ને પક્ષોમાં ચર્ચા થવા લાગી ત્યારબાદ કાર્યવાહી ૧૫ મિનિટ માટે બંધ કરવામાં આવી હતી. દરમિયાન મુખ્યમંત્રી શિંદેએ પોતાના પર લગાવવામાં આવેલા આરોપોને રદિયો આપતા કહ્યું કે શહેરી વિકાસ મંત્રી અને મુખ્યમંત્રી તરીકે તેમણે કોઈ પણ રીતના ભ્રષ્ટ્રાચાર અથવા અનિયમિતતા કરી નથી તેમણે કહ્યું કે વર્ષ ૨૦૦૯માં તે સમયે સરકારી દરો અનુસાર જ રૂપિયા જ લેવામાં આવ્યા હતાં.

# સઉદી અરબે તાલિબાનને મહિલાઓના ઉચ્ચ શિક્ષણ ઉપર પ્રતિબંધ લગાવવાના નિર્ણયને પરત લેવા આહ્વાન કર્યું

નવી દિલ્હી તા.૨૪

સઉદી અરબે બુધવારે તાલિબાનાના અફઘાનિસ્તાનમાં ઉચ્ચ શિક્ષણ મેળવતી મહિલાઓ ઉપર લાગેલા પ્રતિબાંધનો હટાવવાનું આહ્વાન કર્યું. દેશના તાલિબાન શાસકો દ્વારા સંપૂર્ણ દેશમાં મહિલાઓને તાત્કાલિક અને આગામી સૂચના સુધી ખાનગી અને જાહેર યુનિવર્સિટીઓમાં જવાથી રોકવાના આદેશના એક દિવસ પછી આ કોલ આવ્યો. કિંગ્ડમના વિદેશ મંત્રાલયે નિર્ણય ઉપર આશ્ચર્ય અને દુઃખ વ્યક્ત કર્યું અને જણાવ્યું કે આ તમામ મુસ્લિમ દેશોમાં વિસ્મયની સાથે મળ્યું.

મંત્રાલયે જણાવ્યું કે નિર્ણયે અફઘાન મહિલાઓને તેમના પૂર્ણકાયદાકીય અધિકારો અને શિક્ષણના અધિકારથી વંચિત કરી દીધી, જે અફઘાનિસ્તાનમાં સુરક્ષા, સ્થિરતા વિકાસ અને સમૃદ્ધિનું સમર્થન કરવામાં યોગદાન આપે છે. અફઘાનિસ્તાનની રાજધાનીમાં તાલિબાન સુરક્ષા દળોએ બુધવારે યુનિવર્સીટીમાં મહિલાઓની પહોંચને રોકીનો મહિલાઓ માટે ઉચ્ચ શિક્ષણ પ્રતિબંધ લાગુ કરી દીધા. કાબુલમાં એક પરિસરની બહાર મહિલાઓને રડતા અને એક બીજાને સાંત્વનો આપતા જોઈ શકાતી હતી. ઈસ્લામિક સહયોગ સંગઠનો પણ નિર્ણયની ટીકા કરી. તાલિબાને પોતાના વચનો અને વાસ્તવિક નિર્ણયોની વચ્ચે રંતરતા જાફવી રાખવા માટે તેને ફેરવવાનું આહ્વાન કર્યું.

કોવિડની પરિસ્થિતિમાં લેવાયેલા ખોટા નિર્ણયોનો વિરોધ

# ચીનના રાષ્ટ્રપતિ જિનપિંગના વિરોધમાં લોકો રસ્તા પર ઊતર્યા

## રાષ્ટ્રપતિ જિનપિંગના નિર્ણયો સામે દેશમાં ભારે આક્રોશ

બેઈજિંગ, તા.૨૪

શી જીનપિંગ પહેલા ચીની રાષ્ટ્રપતિ બન્યા છે, જેને ચીની પ્રજા પદ છોડવાનું કહી રહ્યાં છે. આવુ પહેલીવાર નથી કે જયાં જીનપિંગ લોકોના ગુસ્સાનો સામનો કરી રહ્યાં છે. આ પહેલા ઘણાં મુદ્દાઓ પર ચીનની પ્રજાએ જીનપિંગ સામે વિરોધ પ્રદર્શિત કર્યો છે. આ વખતે વિરોધનો મુદ્દો કોવિડની પરિસ્થિતિમાં લેવાયેલા તેમના ખોટા નિર્ણયો છે.

આ ઉપરાંત લોકોએ કમ્યુનિટી પાર્ટીનાં એકદળીય શાસનને ખતમ કરવાની વાત કરી છે. લોકો આ માટે રસ્તાઓ પર ઉતરી આવ્યા છે. લોકોનું કહેવું છે કે અમે એવા રાજા નથી ઈચ્છતા જે કોવિડ મહામારીમાં પણ લોકોના હિતની ચિંતા ન કરતા હોય અને તેમના માટે સાચો નિર્ણય ન લઈ શકતા હોય.

હાલની પરિસ્થિતિ જોતા લાગે છે કે જો આ જ રીતે જિનપિંગ નિર્ણયો લેતા રહ્યાં અને દેશને બચાવવાનાં ચક્કરમાં માનવતાનું બલિદાન ચડાવતા રહ્યાં તો તેમની સત્તા બહુ લાંબો સમય ટકી શકશે નહીં.


# જૂનાગઢ-કેશોદના પ્રોહીબિશનના ગુન્હામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

(ક્રાઈમરીપોર્ટર દ્વારા)

જૂનાગઢતા. ૨૪

પોલીસ મહાનિદેશક અને સી.આઈ.ડી.ક્રાઈમ અને રેલ્વે ગાંધીનગરની સુચના અનુસાર રાજયમાં પેરોલ ઉપર છુટેલ ભાગેડુઆરોપીઓ, વચગાળાના જામીન ઉપર મુક્ત ફરાર તથા નાસતા ફરતા આરોપીઓને પકડવા સારૂ સમગ્ર રાજયમાં વધુમાં વધુ આરોપીઓ પકડવા જણાવેલ હોય જે અન્વયે જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક મયંકસિંહ ચાવડાની સુચના તેમજ પોલીસ અધીક્ષક રવીતેજા વાસમશેટ્ટીની સુચના તથા માર્ગદર્શન હેઠળ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે હેતુ સારૂ ગુન્હાના કામેના નાસતા ફરતા આરોપીઓ તેમજ જેલ ફરારી આરોપીઓને શોધી કાઢવા ખાસ પેરોલ ફર્લોસ્કોડ તેમજ જીલ્લા પોલીસ તંત્રને કામગીરી અસરકારક કરવા જરૂરી સુચના આપેલ હોય જે અન્વયે ક્રાઈમ બ્રાન્ચના પો.ઈન્સ જે.એચ. સિંધવ, તથા જે.જે. ગઢવીના માર્ગદર્શન અને સુચના મુજબ પેરોલ ફર્લોસ્કોડના પી.એસ.આઈ વી. કે.ઉંજીયા, ઉમેશભાઈ વેગડા, સંજયભાઈ વઘેરા, દિનેશભાઈ છૈયા, જયેશભાઈ બામણીયા વગેરે ટીમ દ્વારા જૂનાગઢ જીલ્લામાં જુદા જુદા પોલીસ સ્ટેશનોમાં ગુન્હાનાં કામે નાસતા ફરતા આરોપીઓ તથા જેલ ફરારી આરોપીઓને પકડવા સારૂ રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે બાતમી રાહે હકિકત મળેલ કે જૂનાગઢ કેશોદ પો.સ્ટે. ના ગુ.ર.નં. થર્ડ ૧૯૪/૨૦૨૨ ક.૬૫(ઈ) ૯૮(૨)મુજબના ગુન્હામાં નાસતો ફરતો આરોપી કિશોર ઉકા ગમારા (ઉ.વ.૨૦) રહે.બુરી તા.માણાવદર જી.જૂનાગઢ, હાલ ગોંડલના ચરખડી ગામે હોટેલ ઋષિમાં કામ કરે છે તેવી ખાનગી હકીકત મળતા ઉકત જગ્યાએ જઈ વોચ તપાસમાં રહેતાં મજકુર આરોપી ત્યાંથી મળી આવતા તેનુ નામ ઠામ પુછતા પોતાનુ નામ કિશોર ઉકા ગમારા (ઉ.વ.૨૦) રહે.બુરી તા.માણાવદર જી.જૂનાગઢવાળો બતાવતો હોય મજકુર આરોપી ઉકત ગુન્હામાં સંડોવાયેલની કબૂલાત કરતા તેને હસ્તગત કરી આગળની કાર્યવાહી કરવા સારૂ કેશોદ પોલીસ સ્ટેશન ખાતે સોપી આપવામાં આવેલ છે.

# જૂનાગઢ : બે ટ્રક અને કાર વચ્ચે ત્રિપલ અકસ્માત



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૪

જૂનાગઢ બાયપાસ ઉપર આવેલ સ્કૂલ પાસે બે ટ્રક અને કાર વચ્ચે ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર ચાલક ઘાયલ થતા તેને સારવાર માટે ખાનગી હોસ્પિટલે ખસેડવામાં આવેલ છે. આ અંગે મળતી વિગત મુજબ જૂનાગઢ બાયપાસ ઉપર ગઈકાલે બપોરના ૧૨ વાગ્યા આસપાસ ત્રિપલ અકસ્માત સર્જાયો હતો.બે ટ્રક અને કાર વચ્ચે થયેલ અકસ્માતમાં કારનો બુકડો બોલી ગયો હતો. એક ટ્રક પલ્ટિ મારી ગયો હતો. જ્યારે આ અકસ્માતમાં કાર ચાલક કારમાં ફસાઈ ગયો હતો. આ અંગેની જાણ થતા ૧૦૮ની ટીમ અને ફાયરની ટીમ તુરત ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ૪૫ મિનીટની મહેનત બાદ કારના કેટલાક પાર્ટસ અલગ કરીચાલકને બહાર કાઢ્યો હતો. કાર ચાલક ભરત ચિનુભાઈ ચાંદેલા(ઉ.વ. ૩૫,રહેવાસી ધંધુસર)ને ઈજાગ્રસ્ત હાલતમાં તુરત ખાનગી હોસ્પિટલે સારવાર માટે ખસેડવામાં આવેલ છે.

(તસ્વીર : રવિન્દ્ર કંસારા)

# રાયજીનગરમાં રપ વર્ષ જુનુ વૃક્ષ કાપી નાંખતા લોકોમાં રોષની લાગણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા. ૨૪

જૂનાગઢનાં રાયજીનગરમાં ૨૫ વર્ષ જુના ૩ ઝાડનો સોથ બોલાવી દેવાતાં આસપાસનાં રહીશોમાં નારાજગી છવાઈ છે. અને ઝાડ કાપી નાંખનાર શખ્સ સામે રોષ ફેલાયો છે. જૂનાગઢનાં રાયજીનગરમાં ૨૫ વર્ષ જુના બે વડલા અને એક ઉમરાનાં ઝાડની એક શખ્સે સોથ બોલાવીને લાકડા લઈ જતાં આસપાસમાં રહેતા એક રહીશે તેની સામે ભારે રોષ દર્શાવ્યો છે. આ અંગે એક લત્તાવાસીએ જણાવ્યું હતું કે સોસાયટીમાં કોઈને જાણ કર્યા વિના જ ઝાડ કાપી તેના લાકડા લઈ જતા શખ્સને ટપારતા એવો જવાબ આપ્યો કે પાછા નવા ઉગાડી દેશું, પણ તેણે સામે એવો સવાલ કર્યો કે કાપ્યા જ શા માટે અને કોને પુછીને ?તો તેનો કોઈ જવાબ નહતો મળ્યો. આ અંગે લત્તાવાસીએ વન વિભાગને જાણ કરતા એ મનપાનાં દાયરામાં આવતું હોવાનું જણાવ્યું હતું.

# વેરાવળમાં ટ્રાફીકથી ધમધમતા એસટી વિસ્તારમાં ચાની લારીએ સ્કુટર ઉપર બેસેલા યુવક ઉપર સરાજાહેર ફાયરીંગ કરીને હત્યા કરવામાં આવી : આરોપી હાથવેંતમાં

**સમી સાંજે બનેલી ફાયરીંગની ઘટનાના પગલે પોલીસ અધિકારીઓ મોટા કાફલા સાથે સ્થળ ઉપર દોડી આવી આરોપીને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા : પોલીસે સ્થળ ઉપરથી ફુટેલુ કાર્ટુસ અને રીવોલ્વર કબ્જે કરી : આરોપીની ઓળખ થઈ જતા જુના મનદુઃખના કારણે કે પછી કોઈના દોરી સંચારથી ફાયરીંગ કર્યુ તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી**





(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળતા.૨૪

વેરાવળ શહેરમાં ટ્રાફિકથી ધમધમતા એવા એસટી વિસ્તારમાં સમી સાંજે ચાની લારીએ સ્કુટર ઉપર બેસેલ યુવાન ઉપર સરાજાહેર ફાયરિંગનીઘટના બનતા ચકચાર પ્રસરી છે.આ ઘટનામાં ઈજાગ્રસ્ત યુવાનનું કમકમાટીભર્યું મોત નીપજતા તેના પરીવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તો બીજી તરફ આ ઘટનાને પગલે શહેર પોલીસ ઉપરાંત એલસીબી એસઓજીના અધિકારીઓ સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવી ફાયરિંગ કરનાર આરોપીને ઝડપીપાડવા ચક્રો ગતિમાન કર્યા છે. તો ઘટના સ્થળેથી પોલીસે રીવોલ્વર અને ફુટેલું કાર્ટુસ પણ કબ્જે કર્યુ છે. જિલ્લા મથકમાં એકાએક બનેલી ફાયરીંગની ઘટનાથી અજંપાભર્યો માહોલ પ્રસરી ગયો છે.

આ ઘટના અંગે જાણવા મળેલ વિગતો મુજબ ગઈકાલે સમી સાંજે સાતેક વાગ્યે આસપાસ વેરાવળ શહેરમાં ટ્રાફીકથી ધમધમતા એસટી રોડ ઉપર કારડીયા બોર્ડિંગની સામે ચાની લારી પાસે મોપેડ સ્કૂટર ઉપર બેસેલા રબારી નિતેશ સરમણભાઈ કટારીયા ઉપર અચાનક જ એક સ્કૂટર ઉપર આવેલા અજાણ્યા શખ્સે સરાજાહેર ફાયરિંગ કર્યું હતું. જેમાં નિતેશ કટારીયા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તાત્કાલિક સિવિલ હોસ્પિટલે સારવારમાં ખસેડવામાં આવેલ જ્યાં તેનું સારવાર મળે તે પૂર્વે જ મૃત્યુ નીપજતા પરીવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. શહેરમાં ફાયરિંગ થયાની ઘટનાના સમાચાર વાયુ વેગે પ્રસરી જતા અજંપા ભરી શાંતિ પ્રવર્તેલ હતી. તો બીજી તરફ સિવિલ હોસ્પિટલની બહાર રબારી સહિત સર્વ સમાજના આગેવાનો અને લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. જેના પગલે સિવિલ હોસ્પિટલમાં પોલીસનો મોટો કાફલો તૈનાત કરવામાં આવ્યો હતો. ફાયરિંગની ઘટનાની જાણ થતા જ ડીવાયએસપી ખેંગાર, એલસીબી પીઆઈ એ.એસ.ચાવડા, એસઓજી પીઆઈ એ.બી. જાડેજા, સીટીપીઆઈ એસ.એમ. ઈશરાણી સ્ટાફ સાથે ઘટના સ્થળે દોડી આવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ઘટના સ્થળ ઉપરથી ફૂટેલું કારતુસ અને રિવોલ્વર પોલીસે કબજે કરી હોવાનું જાણવા મળેલ છે. ફાયરીંગ કરનાર આરોપી શખ્સ સ્થળ ઉપર મોપેડ સ્કુટર મુકી નાસી ગયો હોવાથી નાકાબંધી કરવાની સાથે એલસીબી, એસઓજીની જુદી જુદી ટીમો તેને ઝડપી પાડવા તપાસમાં જોડાઈ હતી. આ ફાયરીંગ જુના મનદુઃખના કારણે કર્યુ હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યુ છે. જ્યારે આ ફાયરીંગ કરનાર આરોપીની ઓળખ થઈ જતા પોલીસના હાથવેંતમાં જ હોવાનું જાણવા મળેલ છે. તો બીજી તરફ ઘટનાને અંજામ આપનાર આરોપી શખ્સે ખરેખર જુના મનદુઃખના કારણે જ ફાયરીંગ કર્યુ છે કે પછી કોઈના દોરી સંચારથી કર્યુ છે? તે દિશામાં પણ પોલીસ તપાસ કરી રહી છે.

# સાળંગપુર ધામ ખાતે કષ્ટભંજન દેવને દિવ્ય શણગાર



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૪

શ્રી વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પવિત્ર ધનુર્માસ નિમિતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી ધનુર્માસ અંતર્ગત તા.૨૪-૧૨-૨૦૨૨ને શનિવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ દાદાને દિવ્ય શણગાર ધરાવી કુદરતી સૌંદર્યનો શણગાર કરી સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તેમજ ૭ કલાકે શણગાર આરતી કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી દ્વારા કરવામાં આવેલ તેમજ મંદિરના પટાંગણમાં મારૂતિ યજ્ઞ તથા સમગ્ર પવિત્ર ધનુર્માસ નિમિતે વિશ્વશાંતિ હનુમાન ચાલીસ યજ્ઞનું આયોજન કરવામાં આવેલ છે. હજારો ભકતોએ દિવ્ય દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ હતો.

# ૨૫ ડિસેમ્બરે અટલજીના જન્મદિવસની દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સુશાસન દિવસ તરીકે ઉજવણી કરાશે

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૪

આવતીકાલે રવિવારે ૨૫ ડિસેમ્બરના રોજ દેશના પૂર્વ વડાપ્રધાન અને ભાજપના ગૌરવ સમા નેતા સ્વ. અટલબિહારી બાજપાઈના જન્મદિવસની સમગ્ર દેશમાં સુશાસન દિવસ તરીકે ઉજવણી કરવામાં આવે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ ભાજપ દ્વારા આ ઉજવણી માટેની તૈયારીઓને આખરી ઓપ અપાઈ ગયો છે. જિલ્લાના તમામ ૧૦ મંડળોમાં બુથ પ્રમુખ, બુથ જોડી તથા પેજ પ્રમુખો દ્વારા સવારે ૧૦ થી ૧૧ વાગ્યા સુધી બાજપાઈજીની તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. સવારે ૧૧ થી ૧૧:૩૦ સુધી વડાપ્રધાન મોદીની મન કી બાત સાંભળવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે.

જિલ્લામાં યુવા મહિલા તથા તમામ મોરચા દ્વારા સમગ્ર સપ્તાહ દરમ્યાન કેન્દ્ર સરકારની યોજનાઓ અંગેની જાણકારી લોકો સમક્ષ રજૂ કરવામાં આવશે. સાથે સાથે અટલજીને કાવ્યાંજલિ આપવી તથા ડબલ એન્જિન સરકારની સુશાસન કામગીરીની બાબતો આમ જનતા સુધી પહોંચાડવાના કાર્યક્રમો યોજવામાં આવ્યા છે. આ કાર્યક્રમો માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ પ્રમુખ ખીમભાઈ જોગલના માર્ગદર્શન હેઠળ મહામંત્રી મયુરભાઈ ગઢવી, યુવરાજસિંહ વાઢેર તથા સમગ્ર ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં GCCIનો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨૪

અમદાવાદ ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (GCCI)નો વાર્ષિક સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જિન બન્યું છે. વડાપ્રધાનએ દરેક ક્ષેત્રે વિકાસનો મજબૂત પાયો નાખ્યો છે, એવું તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીએ આ તકે સ્પષ્ટપણે જણાવ્યું હતું કે, તમે તમારી જવાબદારી નિભાવી છે હવે અમે અમારી જવાબદારી નિભાવીશું. આ ઉપરાંત તેમણે કહ્યું કે, જે ભરોસો તમે અમારા ઉપર મૂક્યો છે એ ભરોસો તૂટવા નહિ દઈએ. વધુમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, દેશમાં સૌથી વધુ રોજગાર આપતું રાજ્ય હોય તો તે આપણું ગુજરાત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્યોગ જગતમાં ગ્લોબલ પ્લેટફોર્મ ઊભું કર્યું છે. વાઈબ્રન્ટ થકી અનેક મોટા ઉદ્યોગો આજે ગુજરાત આવ્યા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, સુરક્ષાની દ્રષ્ટિએ પણ ગુજરાત આજે નંબર વન ઉપર છે. મુખ્યમંત્રીએ વધુ ઉમેરતા કહ્યું હતું કે, આજે તમામ નાના મોટા ઉદ્યોગો અને અર્બન ડેવલપમેન્ટ ક્ષેત્રે ગુજરાતે ઉત્કૃષ્ઠ કામ કર્યું છે. આ પ્રસંગે ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપુતે જણાવ્યું હતું કે, ગુજરાત એ વિકાસનું રોલ મોડેલ બન્યું છે અને તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આભારી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતનું વિકાસ મોડેલ આજે અનેક રાજ્યો અપનાવી રહ્યા છે. આ સમારોહમાં સ્થાનિક ધારાસભ્યો, ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડેન્ટ પથિક પટવારી, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજય પટેલ તથા GCCIના સભ્યો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# ડોલી દર્શન કરાવીને પરત આવતા ધીરૂભાઈ ભીલનું હાર્ટએટેકથી મૃત્યું



(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢતા.૨૪


જૂનાગઢ ગિરનાર ઉપર ગઈકાલે બનેલા એક બનાવમાં ડોલી એસોસિયનના સભ્ય અંબાજી ઉપર સ્ટેશનથી ગુરૂ શિખર દત્તાત્રેય ખાતે ડોલી દર્શન કરાવીને પરત આવતા હતા ત્યારે રસ્તામાં એટેક આવતા ડોલી વાળાના સભ્ય ધીરૂભાઈ નાજાભાઈ ભીલનું મૃત્યું થયું હતું અને શોકની લાગણી છવાયેલ તેમનાં મૃતદેહને રોપવે દ્વારા નીચે લાવવામાં આવ્યા હતા.

# કલાપીનગર લાઠીમાં મોરારીબાપુની રામકથાનો અનેક વિધ સેવા અભિયાનો સાથે આજથી પ્રારંભ

(પ્રતિનિધિ દ્વારા)

લાઠી તા.૨૪





કલાપીનગર લાઠીમાં ઉત્તમોત્તમ વ્યવસ્થા સાથે આજથી સત્યપ્રેમ કરૂણાના સદેશ આપતી મોરારીબાપુની રામકથાનો પ્રારંભ મુખ્ય યજમાન શંકર પરિવાર દ્વારા અનેક વિધ સેવા મુહિમ અભિયાનો સાથે મોરારીબાપુની રામકથાનો રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના વરદહસ્તે પ્રારંભ સાથે કથા દરમ્યાન ૭૬ દીકરીના સર્વ જ્ઞાતિ સમૂહલગ્ન યોજાશે. આ કથાના યજમાન શિવમ જલેલરના મોભી ઘનસ્યમભાઈ શંકર પરિવાર છેલ્લાં છ માસથી કથાની અભિભૂત ને આફરીન કરતી તૈયારીઓ ઘનશ્યામભાઈ શંકર લાઠીના અગ્રણી ઉદ્યોગપતિ અને સુરતની શિવમ ડાયમંડ કંપનીના માલિક છે.

તેઓએ ગામ વિકાસમાં નિમિત્ત બનીને ૪૦૦૦થી વધુ વૃક્ષોનું વાવેતર જતન જાળવણી સાથે કર્યું છે. જળસંશાસન ક્ષેત્રે નમૂના રૂપ જળ મંદિરો ચેક ડેમ તળાવો સરોવરો નિર્માણ કરાવ્યા છે. જનસુખાકારીમાં રોડ-રસ્તાઓ સહિત અનેક લોકભોગ્ય સર્જન કાર્યમાં પણ ઘનશ્યામભાઈનું પ્રદાન નોંધપાત્ર છે. આ અંગેની વિગતો આપતા ધીરુભાઈ ધોળિયા જણાવે છે કે, ઘનશ્યામભાઈ, તુલસીભાઈ અને દુલાભાઈ ત્રણેય ભાઈઓ આ કથા લાઠીના આંગણે યોજાય તે માટેનો ૨૦૧૪માં સંકલ્પ કરેલો અને તેને સાકાર કરવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. આ કથા દરમ્યાન ૭૬ દીકરીઓના સર્વ જ્ઞાતિ સમૂહ લગ્ન સાથે લાઠીમાં આજે તા.૨૪ને શનિવારથી મોરારીબાપુના વ્યાસાસને રામકથાની પોથીયાત્રા ધનશ્યામભાઈ શંકરનાં નિવાસ્થાનેથી પ્રસ્થાન થશે. આ કથાના પ્રવેશદ્વારનો લુકની આબેહૂબ હિમાલય અલ્પાકૃતિથી બનાવવામાં આવ્યો છે.

ત્યાં ૩૫ ફૂટ જેટલી ઊંચી શિવમૂર્તિ બિરાજમાન કરવામાં આવી છે. વ્યાસપીઠ કેદારનાથ મંદિરની થીમથી સુશોભિત કરાયું છે. કથા દરમ્યાન હજારો ભાવિકો ભોજન પ્રસાદ પ્રાપ્ત કરી શકે તેવી ઉત્તમોત્તમ વ્યવસ્થા સાથે ૧ લાખ લોકો બેસી શકે વ્યવસ્થા સાથે એટલો મોટો સમિયાણો ઊભો કરવામાં આવ્યો છે. હજારો ભાઈઓ અને બહેનો સ્વયંસેવક તરીકે સેવા આપશે. કથા દરમ્યાન પાંચ વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું છે. જેમાં તા.૨૫ના અકુપાર નાટય, તા.૨૭ના માયાભાઈ આહીરનો લોકડાયરો, તા.૨૯ના રાજભા ગઢવીની પ્રસ્તુતિ, તા.૩૦ના ૭૬ દીકરીઓના સમૂહ લગ્ન અને તા.૩૧ના કીર્તિદાન ગઢવી અને સુખદેવ ધામેલિયાનો લોક ડાયરો યોજાશે. કથા દરમ્યાન પર્યાવરણ પ્રકૃતિ રક્ષા, જીવદયા, હુન્નર કૌશલ્ય, મહિલા સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, વ્યસન મુક્તિ, રક્તદાન સહિત અનેકો મુહિમો દ્વારા કાયમી આ અભિયાનો અવિરત ચાલતા રહે અને અનેક વિધ સ્વરોજગારીનું સર્જન સુખ, શાંતિ અને સમૃદ્ધિમય દરેક જીવાત્માનું કલ્યાણ થાય તેવો સુંદર અભિગમ કથા દરમ્યાન ચાલતા રહેશે.


# દ્વારકાનાં બ્રહ્મકુંડનું લોકાર્પણ થયા વિના તકતી મુકાતા સર્જાયુ કુતુહલ

(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૪

યાત્રાધામ દ્વારકા ખાતે પ્રાચીન બ્રહ્મકુંડનાં સરકારની હૃદય યોજના અંતર્ગત આશરે ૮૮ લાખનાં ખર્ચે આશરે બે વર્ષ પહેલા નવીનીકરણ કરી સ્થાનીક પાલિકાનાં સતાધીશો દ્વારા ડેમોસ્ટ્રેશન કરવામાં આવેલ પરંતુ આજદિન સુધી લોકાર્પણ યોજાયેલ નથી છતાં પણ એક સપ્તાહ પહેલા પાલિકાનાં વહીવટીકર્તા દ્વારા બ્રહ્મકુંડમાં એક તકતી મુકવામાં આવેલ છે. જેમાં માજી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં હસ્તે લોકાર્પણ કાર્યક્રમ યોજાયેલ આવું બોર્ડમાં લખવામાં આવતાં શહેરની જનતામાં ભારે કુતુહલ ફેલાયું છે. શું આ તકતી મુકવા પાછળનું કારણ પાલિકા દ્વારા પોતાનો લુલો બચાવ કરવાનું છે ? રીનોવેશનાને બે વર્ષ જેટલો સમય થઈ ગયા બાદ હવે પાલિકાને તકતી મુકવાનું કેમ યાદ આવ્યું ? વગેરે પ્રશ્નો ચર્ચાનો વિષય બન્યા છે.

# ફિશરીઝ કોલેજ ખાતે સૂકી મત્સ્યના મૂલ્યવર્ધિત ઉત્પાદનોનું પ્રદર્શન



(ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૨૪

વેરાવળ ખાતે આવેલ કામધેનુ યુનિવર્સીટી, ગાંધીનગર નેજા હેઠળ કાર્યરત ફિશરીઝ કોલેજમાં અભ્યાસક્રમની સાથોસાથ, મત્સ્ય અંગેના સંશોધન કાર્ય અને તેને લગતા ઉત્પાદનો બનાવવાનું કાર્ય થાય છે. ફિશરીઝ કોલેજના પ્રાધ્યાપક ડો. જીતેશ સોલંકીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા સૂકી માછલીની વિવિધ ઉત્પાદનો બનાવેલ અને તેમાંથી બનેલ વિવિધ વાનગીનું પ્રદર્શન વિદ્યાર્થીઓ દ્વારા રાખવામાં આવેલ. કુલ ૩૫ જેટલી દરિયાઈ સૂકી મત્સ્યની પ્રજાતિઓનું આકર્ષિત પેકેજિંગ કરેલ. આ પ્રદર્શનમાં કોલેજના આચાર્ય ડો. એસ. આઈ. યુસુફઝાય તેમજ અન્ય પ્રાધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી. સૂકી માછલીની વિવિધ ગુણવતાયુક્ત ઉત્પાદનોની સાથે " રેડી ટુ ઈટ " ઉત્પાદનો પણ પ્રદર્શન કરવામાં આવ્યા હતા. આ પ્રદર્શનમાં કોલેજના વિધાર્થીઓ એ ભાગ લીધો હતો અને આવનારા દિવસોમાં પેકેજીંગ અને ગુણવતા કેમ વધારવું તેમનું માર્ગદર્શન લીધેલ.

# જૂનાગઢ અને સોરઠમાં કાતિલ ઠંડી ગિરનાર ઉપર ૪ ડીગ્રી તાપમાન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૪

જૂનાગઢસહિત સમગ્ર સોરઠ અને સૌરાષ્ટ્ર ભરમાં તાપમાનનો પારો ગગડયો છે અને કાતિલ ઠંડીનાં દોરમાં વધારો થયો છે. સવારે અને સાંજે ઠંડા પવનો ફુંકાવાને કારણે બેઠો ઠાર અને ઠંડીની તિવ્રતા વધી ગઈ છે. ગઈકાલથી ઠંડીનાં આક્રમણને કારણે જનજીવન પ્રભાવિત બન્યું છે અને દિવસ દરમ્યાન ફરજીયાત ગરમ વસ્ત્રો ધારણ કરવા પડયા છે. આજે સવારથી જ ઠંડી રહી હતી. જૂનાગઢ શહેરની વાત કરીએ તો જૂનાગઢનું તાપમાન ૯ ડીગ્રી છે. જયારે ગિરનાર ઉપર ૪ ડીગ્રી તાપમાન રહેલુંછે. ભેજ ૬૫ ટકા અને ભવનની ઝડપ ૪ની રહી છે. અતિશય ઠંડીનાં આક્રમણ સામે લોકો ઠુંઠવાઈ રહયા છે એટલું જ નહી ઠંડીના શરૂ થયેલા આ દોરમાં સવારે અને સાંજના તાપણાની મોસમ શરૂ થઈ ગઈ છે. ડીસેમ્બર માસાનો અંતિમ પડાવ ચાલી રહયો છે આવતીકાલે ૨૫ ડિસેમ્બર એટલે નાતાલ પર્વની ઉજવણીનો પ્રારંભ થઈ રહયો છે. નાતાલનાં વેકેશનની મોજ માણવા જૂનાગઢ તેમજ ભવનાથ ક્ષેત્ર અનો ફરવાલાયક સ્થળોએ પ્રવાસી જનતા ઉમટી પડી છે ત્યારે બહારથી આવેલા પ્રવાસીઓપણ પ્રભાવીત થયા છે આ ઉપરાંત ગિરનાર નજીક આવેલા જંગલ વિસ્તારમાં પક્ષી - પ્રાણીઓની જીવ સૃષ્ટીઓને પણ અસર થઈ રહી છે.

# માણાવદર તાલુકાનાં વેળવા ગામે વિધિમાં બેસાડી ત્રણ તોલાનો સોનાનો ચેન અને રોકડ રકમ પડાવી લઈ છેતરપીંડી

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૪


સમાજમાં અનેકવાર અંધશ્રધ્ધા, છેતરપીંડી તેમજ વિધિમાં બેસાડી અને છેતરપીંડી કરવામાં આવતી હોવાનાં અનેક કિસ્સાઓ બહાર આવવા છતાં લોકો છેતરાઈ જતા હોવાનાં બનાવો બનતા રહે છે. આવો જ એક બનાવ બહાર આવેલ છે જેમાં માણાવદર તાલુકાનાં વેળવા ગામે બે અજાણ્યા શખ્સો વિધિનાં બહાને છેતરપીંડી કરી ગયા છે. વેળવા ગામનાં જેન્તીભાઈ ઉર્ફે કારાભાઈ લખમણભાઈ માણસુરીયા (ઉ.વ.૬૫)એ બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ એવી ફરીયાદ નોંધવી છે કે, ફરીયાદી તથા સાહેદ પોતાની વાડીએ હતા તે દરમ્યાન આ કામના આરોપીઓ મોટર સાયકલ લઈ તેની પાસે આવી પોતે વાછરાડાડાનાં ભુવા છે અને તપ યોગ કરી ઘણી સિધ્ધિઓ હાંસલ કરેલ છે જે સિધ્ધિઓથી તે ગમે તેને જે વસ્તુ ધારે તે આપી શકે તેમ કહી ફરીયાદી તથા સાહેદને વિશ્વાસમાં લઈ અને તેના ઘરે જઈ વિધિનાં બહાને ફરીયાદી પાસેથી સોનાનો ચેન ૩ તોલાનો રૂા. ૧ લાખની કિંમતનો તથા રોકડ રૂા. ૧૫૦૦૦ની વિશ્વાસઘાત, છેતરપીંડી કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાવતા માણાવદર પોલીસે બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સુશાસન દિવસ નિમિત્તે ભાજપ જૂનાગઢ મહાનગર દ્વારા આયુષ્યમાન કાર્ડ માટે મેગા કેમ્પનું આયોજન

## આગામી સમયમાં જૂનાગઢનાં કોઇ પણ નાગરીક આયુષ્યમાન કાર્ડના લાભથી વંચિત ન રહે તેવો અમારો પ્રયાસ છે : પુનિતભાઇ શર્મા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૪







ભારતીય જનતા પાર્ટી-જૂનાગઢ મહાનગર દ્વારા સંગઠનના આદર્શ એવા ભારતરત્ન પૂર્વ પ્રધાનમંત્રી અટલ બિહારી બાજપાઈજીની જન્મજયંતિ એટલે કે સુશાસન દિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટીના સુત્ર સેવા હી સંગઠન અનુસાર ગુજરાતના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલની વિશેષ વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં મહાનગરના અધ્યક્ષ પૂનિતભાઈ શર્માના માર્ગદર્શન હેઠળ આયુષ્યમાન કાર્ડ કઢાવી આપવા માટેનાં દરેક વોર્ડમાં કેમ્પ રાખવામાં આવશે. જેમાં વોર્ડ નંબર-૧૨માં તારીખ ૨૫-૧૨-૨૦૨૨ને રવિવારે ટીંબાવાડી, પાણીના ટાંકા પાસે, જૂનાગઢ ખાતે બપોરે ૩:૩૦ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. અધ્યક્ષ પુનિતભાઈ શર્મા એ જણાવ્યું છે કે, ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે આયુષ્યમાન કાર્ડની મર્યાદા ૫ લાખથી વધારી ૧૦ લાખ કરી છે ત્યારે સૌ જૂનાગઢ વાસીઓને આ કેમ્પનો લાભ લેવા નમ્ર વિનંતી છે. જૂનાગઢના કોઈપણ નાગરિક આ લાભથી વંચિત ન રહે તે હેતુથી જૂનાગઢ મહાનગરના તમામ વોર્ડમાં આગામી સમયમાં આ પ્રકારે ભારતીય જનતા પાર્ટી જુનાગઢ મહાનગર દ્વારા કેમ્પના આયોજનો કરવામાં આવશે તથા ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર દ્વારા તેના વિસ્તારમાં આયુષ્યમાન કાર્ડથી કોઈ પણ વંચિત ના રહે તેવો સંકલ્પ કરવામાં આવશે.

# મેંદરડા તાલુકાનાં સાત વડલા વિસ્તારમાં છરી, તલવાર વડે હુમલો : ૪ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર)

જૂનાગઢતા. ૨૪

મેંદરડા તાલુકાનાં સાતવડલા વિસ્તારમાં મારામારીનો બનાવ બનેલ છે જેમાં તલવાર, છરીથી હુમલો કરી ઈજા કર્યાની ફરીયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગતો અનુસાર મેંદરડા સાતવડલા વિસ્તારમાં રહેતા ગીતાબેન દિનેશભાઈ માકડીયા (ઉ.વ.૪૮) એ મયુર ઉર્ફે ભમરીયો ધીરૂભાઈ ધમ્મર, દર્શન વિઠલભાઈ ચૌહાણ, ધીરૂભાઈ ધમ્મર, મીનાબેન ધીરૂભાઈ ધમ્મર વગેરે સામે નોંધાવેલી ફરીયાદમાં જણાવેલ છે કે, ફરીયાદીનાં દિકરા વિવેકનાં ગત તા. ૨૧-૧૨-૨૦૨૨નાં રોજ આ કામનાં આરોપી મયુર ઉર્ફે ભમરીયાએ ચશ્મા તોડી નાખી તેમજ આરોપી નં.૧ તથા ૨ એ ફરીયાદીનાં દિકરા વિવેકનો છરી બતાવી જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય જે બાબતે તા. ૨૨-૧૨-૨૦૨૨નાં રોજ સાંજનાં ૬ વાગ્યે ફરીયાદીનાં દિકરા જયદીપ તથા વિવેકે આરોપી નં.૧ તથા ૨નાંઓને સમજાવવા જતાં બંનો આરોપીઓએ ફરીયાદી ફરીયાદીનાં બંનો દિકરાઓને ગાળો દઈ છરી બતાવી અને તેમની પાછળ દોડયા હતા. ફરીયાદીનાં દિકરાઓ તેના ઘરે આવી જતા આરોપી નં.૧ નાએ ફરીયાદી તથા તેના પરિવારને ગાળો દઈ ઘર ઉપર છુટ્ટા પથ્થરનાં ઘા ફેંકયા હતા આ તકે ફરીયાદીએ આરોપી નં.૩ને તેના દિકરાને સમજાવવાનું કહેતા ધીરૂભાઈ ધમ્મરે પણ ઈંટનો છુટો ઘા કરી ફરીયાદીની ડાબી આંખ પાસે ઈજા પહોંચાડી હતી આ ઉપરાંત આરોપી નં.૩ અને ૪એ ફરીયાદી તથા તેના પરીવારનાં સભ્યોને ગાળો દઈ ઢીકાપાટુનો માર મારી તેમજ મયુર ઉર્ફે ભમરીયો ઘરમાંથી ખુલ્લી તલવાર લઈ આવી ફરીયાદીને જાનથી મારી નાખવાનાં ઈરાદે તલવારનો ઘા મારી દેતા ફરીયાદીને માથાના ભાગે ડાબી આંખ ઉપર કપાળનાં ભાગે જીવલેણ ઈજાઓ પહોંચાડી હોવાની ફરીયાદ પોલીસમાં નોંધાવવામાં આવતા પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જીઈબી એન્જિનિયર એસોસિયેશની નવા હોદ્દેદારોની વરણી માટે આવતીકાલે ચૂંટણી

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૩

આગામી વર્ષ ૨૦૨૩થી ૨૫ માટેની જીઈબી એન્જિનિયર એસોસિએશનની નવા હોદ્દેદારોની વરણી માટેની ચૂંટણી તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ વડોદરા ખાતે યોજવામાં આવી રહી છે.

ગુજરાત રાજયના અધિકારી આલમમાં GUVNL તાબાની છ કંપનીઓ જેવી કે GETCO,GSCEL, PGVCL, MGVCL, UGVCL,DGVCL કંપનીઓના સમૂહથી ૬૦૦૦ હજાર જેટલા ઈજનેરોની મેમ્બરશીપ ધરાવતું GEBEA એસોસિએશનના ગત સરકારમાં તેના મેમ્બરોને ન્યાય આપવામાં સૌથી પાવરફુલ એસોસિએશન પ્રસ્થાપિત થઈ ચૂકયું છે. જેમાં સેક્રેટરી જનરલ તરીકે બી.એમ. શાહની આગેવાનીમાં એસોસિએશનને ઉચા ઉચા સોપાનો સર કરેલ ત્યારે હવે ફરીથી ત્રણ વર્ષ બાદ નવી ચૂંટણી યોજવા જઈ રહી છે. જેમાં ફરીથી સેક્રેટરી જનરલ તરીકે બી.એમ. શાહ તેમજ જેટકોમાંથી વાઈસ પ્રેસિડેન્ટ તરીકે એચ.જી.વઘાસીયાએ ઝંપલાવ્યું છે. જે ચાલુ ટર્મમાં ઈન્ચાર્જ જનરલ સેક્રેટરી તરીકે જેટકોમાં સારી એવી કામગીરી કરીને ઈજનેરોમાં સારી એવી છાપ ધરાવે છે અને તેઓ આ વખતે તેઓ વાઈસ પ્રેસિડેન્ટ જેટકો તરીકે બહુમતીથી ચૂંટાઈ આવે તેવા સંજોગો ઊભા થઈ રહ્યા છે.

# નાવડામાં મહેતા પરીવારનું સદભાવના સંમેલન આવતીકાલે યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૪

સંસ્થાનાં પ્રમુખ પ્રફુલભાઈ મહેતાએ જણાવ્યું હતું કે શ્રી કાંધલીયા દાદા સેવા ટ્રસ્ટ નાવડા દ્વારા મહેતા પરીવારનાં કુળદેવતા શ્રી કાંધલીયા દાદાનાં પાવન સાંનિધ્યેનાવડા ખાતે સમગ્ર મહેતા પરીવારનું આવતીકાલ ૨૫ ડીસેમ્બરે ૨૬મું સદભાવના સંમેલન મહેશભાઈ મગનલાલ મહેતા (નવી મુંબઈ)ના પ્રમુખ સ્થાને તેમજ નવનીતરાય અમૃતલાલ મહેતા અને શાંતિલાલ રણછોડભાઈ મહેતાનાં અતિથિ વિશેષપદે યોજાશે. આ સંમેલનમાં ડો. ચિન્મય જયેશભાઈ મહેતા (એમબીબીએસ), જલ્પાબેન દિપેશભાઈ મહેતા (જીઈએસ), રાહુલ નવનીતરાય ઉપાધ્યાય (શ્રેષ્ઠ શિક્ષક), ડો. પ્રિતીબેન એચ. દવે (પ્રોફેસર) તેમજ શ્રેષ્ઠ કામગીરી કરનાર તરૂલતાબેન મહેશભાઈ મહેતા (એએસઆઈ)નું સન્માન કરવામાં આવશે. આજ તા. ૨૪ ડીસે. ૮ વાગ્યે લોકડાયરામાં પન્નાબેન બારોટ, ઉમાબેન ગઢવી, કૃષ્ણકાંત મહેતા જેવા ગાયક કલાકારો, રાજભાભાઈ ગઢવી લોક સાહિત્યકાર અને હાસ્ય કલાકાર પોતાની કલા રજુ કરશે. જેનું સંચાલન નંદાભાઈ પુરોહીત કરશે. આવતીકાલ તા. ૨૫ ડીસેમ્બરે શ્રી કાંધલીયા દાદાની પૂજા, શોભાયાત્રા, સાધારણ સભા, સદભાવના સંમેલન, સન્માન સમારોહ વગેરે યોજાશે. ત્યારે સમગ્ર મહેતા પરીવારને ઉપસ્થિત રહેવા શ્રી કાંધલીયા દાદા સેવા ટ્રસ્ટનાં ટ્રસ્ટી મંડળ દ્વારા જણાવાયું છે.

# જૂનાગઢમાં અમરનાથ યાત્રા પુર્ણ કરનાર યાત્રિકોનું સન્માન કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૪

અમરનાથ યાત્રા ૨૦૨૨ બુઢા અમરનાથ યાત્રા-૨૦૨૨ અને કૈલાશમાનસરોવર યાત્રા-૨૦૨૨ જૂનાગઢનાં અસંખ્ય શિવભકતોએ પુર્ણ કરેલ છે એ અલૌકિક ક્ષણની સ્મૃતિ જળવાઈ રહે તે ઉદેશથી યાત્રિકોને સ્મૃતિપત્ર અર્પણ કરી સન્માન કરવાનાં કાર્યક્રમનું આયોજન કરેલ છે તેમજ અમરનાથ મંડળનાં સાહસિક યાત્રિકોએ સંપન્ન કરેલ સોમનાથથી અમરનાથ સાયકલ યાત્રા ૨૦૦૬ અને સોમનાથ કેદારનાથ મોટર સાયકલ યાત્રા ૨૦૦૭નાં સંસ્મરણો રજુ કરી રહેલ પુસ્તક સંકલ્પ થી સિધ્ધિનું વિમોચન આગામી તા. ૧-૧-૨૦૨૩ રવિવારનાં રોજ સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન ભૂતનાથ મહાદેવ મંદિર ખાતે આવેલ સત્સંગ હોલ ખાતો કરવામાં આવશે. આમંત્રીત મહેમાનોને ઉપસ્થિત રહેવા અમરનાથ યાત્રિક મંડળનાં બીપીનભાઈ દ્વારા અનુરોધ કરવામાંઆવેલ છે.

# જૂનાગઢ જીલ્લા જેલમાં આરોગ્યની તપાસણી કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા.૨૪

જૂનાગઢ જીલ્લા જેલમાં સુપરવિઝન ઓફિસર ડો. જગદિશ દવે દ્વારા જેલમાં સુપરવિઝન કરવામાં આવ્યું. હાલમાં ઠંડી-ગરમીની મિશ્ર ઋતુને કારણે શરદી, તાવ, ઉધરસનાં કેસ વધુ બનતા હોવાથી જેલમાં પણ આ બાબતે કેદીઓને સૂચના આપવા તેમજ જરૂરી દવાનો જથ્થો જેલનાં દવાખાનામાં જાળવીરાખવા પદાધિકારીઓને સૂચના આપવામાં આવેલ હતી. તેમજ હાલમાં ફરીથી કોરોના સંક્રમણ વધતુંજતું હોવાથી જેલમાં પણ કેદીભાઈઓ માસ્ક પહેરે, અંતર જાળવે તેમજ કોરોના ગાઈડલાઈનનું ચૂસ્તપણે પાલન કરે તેવું ડો. જગદિશ દવે દ્વારા સૂચન કરવામાં આવેલ હતું. અત્રે ઉલ્લખનીય છે કે, અગાઉનાં પણ ભારે કોરોના સંક્રમણનાં દિવસોમાં જૂનાગઢ જેલમાં પણ ડો. દવે દ્વારા આરોગ્ય સંબંધી સવિસ્તાર માહિતી આપવામાં આવેલ હતી જેનાં કારણે જે તે વખતે જેલમાં કોરોનાનાં કેસ ઘણા ઓછા નોંધાયા છે. તે બાબતે ડો. દવે દ્વારા તેમજ જેલનાં મેડિકલ ઓફિસર કેદીભાઈઓ ઉપર સતત નિરીક્ષણ રાખવામાં આવેલ હતું.

# જૂનાગઢમાં આવતીકાલે સર્વરોગ ફ્રી નિદાન કેમ્પ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢતા. ૨૪

આવતીકાલતા. ૨૫-૧૨-૨૨ રવિવારનાંરોજસવારે ૧૦થી ૧ દરમ્યાનસર્વરોગ ફ્રી નિદાન કેમ્પ મદ્રાસા બિલ્ડીંગ, મુલ્લાવાડા મસ્જીદ પાસે, મુલ્લાવાડા જૂનાગઢ ખાતે યોજાશે. જેમાં જનરલ કન્સલ્ટન્ટ અને સ્ત્રીરોગ નિષ્ણાંત ડો. રેશ્મા એચ. ખોખર, ડો. કાઝી સહીતનાં ડોકટરો ઉપસ્થિત રહેશે. આપના જુના કેસની ફાઈલ અને રીપોર્ટ સાથે લાવવા યાદીમાં જણાવેલછે.

વધુમાં આ કેમ્પમાં થતા નિદાન અને સારવાર કરાશે. તેમજ આ તકે બ્લડપ્રેસરની પણ તપાસ કરી દેવામાં આવશે તેમ યાદીમાં જણાવેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં
૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભેચ્છા...
એસ. કે. ઈન્ડસ્ટ્રીઝ
વડાલ રોડ, દોલતપરા, જૂનાગઢ
ફોન : ૦૨૮૫ - ૨૬૬૧૭૯૦

ૐ નેચર ક્યોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા (N.D.)
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમબાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. ૬૫૦૦* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભકામના...
આધુનિક ઉપકરણોથી સુસજ્જ
Dolakia Orthopaedic Hospital
અગાઉથી એપોઈન્ટમેન્ટ લઈને આવવું.
ફોન (૦૨૮૫) ૨૬૨૪૮૯૯, મો. ૯૮૭૯૫ ૧૧૬૭૯
Digital X-Ray Machine
Allengers C ARM
Motorised Operation Table
UTG00 Philips Monitor
ઉપલબ્ધ સુવિધાઓ
■ સચોટ નિદાન સાથે સારવાર.
■ કમર દર્દ માટે ઓપરેશન વગરની સારવાર.
■ ગોઠણના સાધાની ઓપરેશન વગર સારવાર.
■ પેઈન મેનેજમેન્ટ.
■ દરેક ફ્રેકચરની આધુનિક સારવાર.
■ લીફ્ટની સગવડતા સાથે.
દોલકીયા ઓર્થોપેડીક હોસ્પિટલ
દેવલ કોમર્શિયલ કોમ્પલેક્ષ, ગાંધી ચોક, જૂનાગઢ.
ફોન : (૦૨૮૫) ૨૬૨૪૮૯૯ / ૨૬૨૪૮૪૪, મો. ૯૮૭૯૫ ૧૧૬૭૯

જન્મજાત ખોડખાંપણ વાળા દર્દીઓની
નિઃશુલ્ક સારવાર અને શસ્ત્રક્રિયા
દેશ-પરદેશના જાણીતા નિષ્ણાત દ્વારા


જન્મજાત હાથ પગના ખોડખાંપણની અને ફાટેલા હોઠ તથા તાળવામાં કાણાંની નિષ્ણાત દ્વારા તપાસ અને શસ્ત્રક્રિયા
સંપર્ક : સોમવાર થી શનિવાર
સવારે ૧૦-૦૦ થી સાંજે ૫-૦૦ વાગ્યા સુધી
હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન ચેરીટેબલ હોસ્પિટલ
ઈન્દુકાકા ઈપ્કોવાળા સેવા સંસ્થાન
હોટેલ રજવાડું સામે, માલવ તળાવ પાસે, જીવરાજપાર્ક, અમદાવાદ.
ફોન : (૦૭૯) ૨૬૬૧૦૮૦૧/૦૨/૦૩
(મો.) ૯૯૦૯૯૪૨૮૩૫
HEALTH & CARE FOUNDATION CHARITABLE HOSPITAL
સૌજન્ય : PSP Projects Ltd.